।। अर्हं नमः ।।

# લક્ષ્મણા

...એવું નહીં માનતા કે મને ખબર છે...



યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ચન્દ્રશેખરવિજયજી મ.સા.

# समर्पणम्

- 'આલોચના તો ચન્દ્રશેખરની' વડીલોના આવા અપ્રતિમશબ્દો રૂપી આશિષને માટે અત્યંત સુપાત્ર....
- ૧૭,૦૦૦થી ઉપર આત્માઓની ભવાલોચના વાંચીને, તેઓને પ્રાયશ્ચિત્તનું પ્રદાન કરનાર દાનવીર
- આંખોના કે છેવટે હૃદયના આંસુ વિનાની એકપણ આલોચના કદિ ન કરનાર રુદનસ્વભાવી..
- જાહેરમાં પણ પોતાના નાના-મોટા દોષોને ચોધાર આંસુ સાથે સેંકડોવાર પ્રગટ કરનાર સરલસ્વભાવી...

મારા દીક્ષા દાતા-પશ્ચાત્તાપ દાતા- આલોચનાભાવ દાતા- પ્રાયશ્ચિત્ત દાતા – સર્વસ્વ દાતા

સ્વર્ગસ્થગુરુદેવયુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય **ચન્દ્રશેખરવિજયજી** મ.ના હસ્તકમળમાં..

ગુણહંસ વિ.



।। नमोस्तु तस्मै जिनशासनाय ।।

।। अर्हं नमः ।।

# લક્ષ્મણા

.... એવું નહીં માનતા કે મને ખબર છે....

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ચન્દ્રશેખરવિજયજી મ.સા.

❁ **દિવ્યાશિષ** ❁

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના**

**વિનેય** સ્વ. પૂજ્યપાદ પં. પ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ**

❁ **લેખક** ❁

**મુ. ગુણહંસ વિ.**

❁ **સ્કેચ ડિઝાઈન** ❁

**તમન્ના બેન • અલિશા બેન**

❁ **પ્રકાશક** ❁

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે,

ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. **ટેલિ. : ૨૬૬૦૫૩૫૫**

❁ **પ્રાપ્તિસ્થાન** ❁

**હિતેશભાઈ ગાલા**

બી-૧૭, તૃપ્તિ સોસાયટી, હનુમાન રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

**મોબાઈલ : ૯૮૨૦૯ ૨૮૪૫૭**

❁ ❁ ❁

**આશિષભાઈ મહેતા**

૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કૂલની સામે, કાજીનું મેદાન, ગોપીપુરા. સુરત

**મોબાઈલ : ૯૩૭૪૫ ૧૨૨૫૯**

❁ ❁ ❁

**કુમારભાઈ શાહ**

૬૦૪, સુખસાગર એપાર્ટમેન્ટ, ઈન્દોર સ્ટેડિયમની સામે,

ઘોડ દોડ રોડ, સુરત. **મોબાઈલ : ૯૮૨૫૨ ૯૯૪૮૭**

❁ ❁ ❁

**દીપેશભાઈ દીક્ષિત**

બી-૨, અમર એપાર્ટમેન્ટ, ડીવાઈન લાઈફ સ્કૂલની સામે,

બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. **મોબાઈલ : ૦૯૪૨૮૬ ૦૮૨૭૯**

❁ **મુદ્રક** ❁

**પાર્શ્વ ઓફસેટ - ક્રિએટિવ પ્રકાશન**

'વિક્રમ', એમ.જી. રોડ, **વેરાવળ - ૩૬૨૨૬૫.** ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૧૭

**'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે,**

**ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯**

# શ્રુત Messenger

પોતાના

# પરિગ્રહ

નામના દોષને

ઓછા કરનારા

વિશુદ્ધ આત્માઓ ....

# પ્રસ્તાવના

**શ્રી મહાનિશીથ** આગમના અભ્યાસ વખતે જ્યારે લક્ષ્મણા સાધ્વીજીની ઘટના વાંચી, ત્યારે કંપારી છૂટી ગઇ.... મન થયું કે મને જાગેલા આલોચનાના ભાવો બધાને જાગે....

એ માટે લખ્યું છે આ પુસ્તક !

ભાષા મારી છે, પણ ભાવાર્થ છે એ મહાપુરુષોના હૃદયનો !

જો કે જે અપાર કરુણા સાથે મહાપુરુષોએ આ પદાર્થો લખેલા છે, એની સામે તો મારી કરુણા 1% પણ નથી...

પણ છતાં એક શુભભાવથી પ્રેરાઇને લખ્યું છે.

કાળપ્રભાવે પ્રાયઃ ચતુર્વિધ સંઘના તમામે તમામ આત્માઓમાં પાપોનો પ્રવેશ થયેલો જ છે. બસ, આલોચનાદિ કરીને તેઓ સૌ પવિત્ર બને એ જ એકમાત્ર ભાવના.

કથાના અંતે જિજ્ઞાસા + સમાધાન રૂપે ઘણા પદાર્થો સ્પષ્ટ કર્યા છે, તે પણ સારી રીતે સમજી લેવા.

**લિ.** ✍

**યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ગુરુદેવ**

**શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબનો**

**શિષ્ય ગુણહંસ વિ.**

**તા.24 જુલાઇ**

**અષ્ટ મંગલ બંગલો.**

**ચેન્નઇ**

# લક્ષ્મણા સાધ્વી

**(જીવનના નાના-મોટા તમામ પાપોની આલોચના કરવા માટે દોડી જવાનું મન થાય એવી શાસ્ત્રીય ઘટના)**

**(આધાર : મહાનિશીથ આગમ)**

શ્રમણ ભગવાન મહાવીરદેવ કહે છે ગૌતમસ્વામીને..

"હે ગૌતમ ! જે આત્મા ગીતાર્થ નથી બન્યો, એટલે કે જેણે છેદગ્રન્થોનો બોધ પ્રાપ્ત નથી કર્યો અથવા તો એવા ગીતાર્થને જે સંપૂર્ણ સમર્પિત નથી બન્યો, એ ભાવશુદ્ધિને પામી શકતો નથી.

અને જો ભાવોની શુદ્ધિ ન હોય, તો જીવ મલિન-પરિણામવાળો બને છે.

હે ગૌતમ! એ લક્ષ્મણા સાધ્વીજી ! અગીતાર્થતા ભરેલી હતી એમનામાં ! અને વળી ગીતાર્થને સંપૂર્ણ સમર્પિત પણ ન રહ્યા, તો પોતાના હૃદયના અતિ-અતિ નાના દોષના કારણે પણ દુઃખોની પરંપરા પામ્યા.

માટે ગૌતમ ! લક્ષ્મણા સાધ્વીજીના દૃષ્ટાન્તને સૌ જાણે, અને આ હકીકત સમજે કે 'જો અમે સ્વયં ગીતાર્થ નહિ બનીએ કે એવા ગીતાર્થને મન-વચન-કાયાથી સમર્પિત નહિ રહીએ, તો અમારો પણ સંસાર ઘણો ઘણો વધી શકે છે.'

આવું સમજીને સૌ ગીતાર્થ બને અને જ્યાં સુધી ગીતાર્થ ન બને, ત્યાં સુધી ગીતાર્થને સમર્પિત બને, એ બનીને પોતાનું મન નિર્મળ બનાવે. નવા દોષોનું સેવન ન કરે અને જો દોષો સેવાઇ જાય, તો એને બરાબર સમજી, પશ્ચાત્તાપ કરી, આલોચના કરી, પ્રાયશ્ચિત્ત કરી પોતાના દોષને ધોઇ નાંખે.

**ગૌતમસ્વામી**:- પ્રભુ ! આપ જે લક્ષ્મણા સાધ્વીજીની વાત કરો છે, એ ઘટનાને હું તો નથી જાણતો. અગીતાર્થતાના કારણે એની મનની મલિનતા શું હતી ? અને દુઃખોની કઇ પરંપરા એમને મળી ? એ મને ફરમાવશો.

## ભવ - 1 - લક્ષ્મણા

**પ્રભુઃ-** પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરાવતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાલમાં અને અવસર્પિણીકાલમાં 24-24 તીર્થંકરો થાય છે. અનાદિકાળની આ લોકવ્યવસ્થા જ છે અને અનંતકાળ સુધી રહેશે.

આ જે ચોવીસી ચાલે છે, એનાથી 80 ચોવીસી પહેલા મારા જેવા જ ચોવીસમાં તીર્થંકર થયા હતા.

એ તીર્થંકરના કાળમાં એક **જંબુદા** નામનો રાજા હતો. તેને **શ્રી** નામની પત્ની હતી. એને ઘણા બધા દીકરાઓ હતા, પણ દીકરી ન હતી. રાજા રાણીને દીકરીની પ્રાપ્તિની ખૂબ જ ઇચ્છા હતી, ઘણી મહેનત પણ કરેલી. પત્ની સાથે ઘણી બધી માનતાઓ પણ માનેલી એ રાણીએ! દેવોને, કુલદેવીને, ચંદ્ર-સૂર્યાદિ જ્યોતિષ્ક દેવોને કોઇને બાકી રાખ્યા ન હતા.

પણ દરેક કામ એનો કાળ પાકે, ત્યારે જ થાય છે, અને આ બંનેનો કાળ પાક્યો. એક સુંદર રૂપવાન દીકરીને જન્મ આપ્યો શ્રીરાણીએ !

નામ પાડવામાં આવ્યું એનું **લક્ષ્મણા** !

કાળ પસાર થતા શું વાર લાગે ? લક્ષ્મણા બની યુવતી ! એ પોતાનો મન-પસંદ વર પામી શકે એ માટે સમજદાર માતા-પિતાએ સ્વયંવરની રચના કરી.

લક્ષ્મણાએ મનોહર રાજકુમારને પસંદ કર્યો, વરમાળા પહેરાવી.

પણ કર્મસત્તા ક્યાં કોઇની શરમ રાખે છે ?

લક્ષ્મણાના હાથે ગળામાં પડેલી વરમાળા એ રાજકુમાર માટે જાણે કે ફાંસીનો ફંદો બની ગયો. એ જ સમયે એને ભયંકર શૂળ ઉત્પન્ન થયું કે શું થયું ? પણ ધરતી પર ઢળી પડ્યો, મરણ પામ્યો.

ઉંમરના કારણે લક્ષ્મણાને સંસારસુખોની વાસના તો હતી જ, લગ્ન કરનાર યુવતીને કેવા કેવા સ્વપ્નો હોય ને ? એ બધા જ સ્વપ્ન આણે પણ જોયા હતા. *'પતિ સાથે આમ કરીશ, તેમ કરીશ-ખાઇશ-પીશ-ફરીશ-*

*સંસારસુખ ભોગવીશ'* આવા તો કેટલાય સપનાઓ એણે જોયા હતા. અને માત્ર ચોવીસ કલાકમાં તો એ તમામ સ્વપ્નો પૂરા જ થવાના હતા.

પણ પત્તાનો મહેલ અને માણસની આશાઓ.... તૂટતા ક્યાં વાર લાગે ? પાપકર્મોનો ઉદય નામની એક હવાની લહેરની જરૂર છે, એ આશા મહેલને તૂટવા માટે ! સાવ અચાનક.... આમ ઢળી પડેલા...પોતાના પ્રાણેશ્વર પતિને જોઇને, એના મોતને જોઇને લક્ષ્મણાનું હૃદય ધબકારા ચૂકી ગયું. આઘાત બેહદ બન્યો. બેભાન થઇને ધરતી પર ઢળી પડી લક્ષ્મણા !

એક બાજુ પતિનું શબ, બીજી બાજુ શબતુલ્ય બની ગયેલી લક્ષ્મણા !

'મરેલાની ચિંતા કરવાને બદલે જીવતો માણસ મરી ન જાય એની સંભાળ વધુ લેવી એ જ ડહાપણ છે' એ સીધી વાત સમજનારા સ્વજનોએ લક્ષ્મણા તરફ ધ્યાન આપ્યું, પાણી છાંટ્યું, પવન વીંઝ્યો, અને થોડી જ વારમાં લક્ષ્મણા ભાનમાં આવી.

પણ ભાનમાં આવતા જ પતિના મોતનું ભાન પણ પ્રગટ થયું.

ચીસો પાડવા લાગી લક્ષ્મણા !

આંસુઓનો વરસાદ વરસાવવા લાગી લક્ષ્મણા !

બે હાથે છાતી અને માથું કૂટવા લાગી લક્ષ્મણા !

છતાં આઘાત સહન ન થયો, તો મહેલમાં ચારે બાજુ પાગલની માફક દોડવા લાગી લક્ષ્મણા!

દિવાલે દિવાલે માથું ભટકાવવા લાગી લક્ષ્મણા!

લાંબા-કાળા-લીસા-સુકોમળ વાળ બે હાથે જોર-જોરથી ખેંચવા માંડી લક્ષ્મણા !

માથું કૂટાયું, લોહી નીકળ્યું, તો ય ભાન ભૂલી લક્ષ્મણા !

ઘણા લોકો હતા, ઘણાએ એને પકડવાનો પ્રયત્ન કર્યો, પણ આઘાતના જોરે જાણે કે એક ભૂતડી બની ચૂકી હતી લક્ષ્મણા !

પણ સમજી રાખો...

સંસારમાં સુખ કે દુઃખ લાંબો ટાઇમ નથી ચાલતા.

ટાઇમ જ સુખ-દુઃખની સત્તા પલટી નાંખે છે.

Time the Last Doctor !

મા-બાપે, ભાઇઓએ, ભાભીઓએ ઘણું સમજાવી લક્ષ્મણાને !

સૌથી વધુ તો સમજ આપી કાળે = સમયે !

આખરે એ શાંત થઇ. અંતરમાંથી આઘાત દૂર તો ન થયો, પણ એને પચાવવા મહેનત કરવા લાગી લક્ષ્મણા !

લગ્નના દિવસે જ નહિ, લગ્નના સમયે જ વિધવા બને એ કેવું વિચિત્ર કર્મ ! વળી, ઘણા ભાઇઓ ઉપર એક બહેનરૂપે જન્મી હતી લક્ષ્મણા ! એટલે એટલા બધા લાડકોડમાં ઉછરેલી કે એણે `દુઃખ' શબ્દ કદાચ સાંભળ્યો પણ નહિ હોય અને માટે જ  મહાભયાનક દુઃખ એને માટે અતિ-અતિ મહાભયાનક બની રહે છે.

આ બાજુ તીર્થંકર પરમાત્મા વિહાર કરતા કરતા એ  જ નગરીમાં પધાર્યા. નગરની બહાર ઉદ્યાનમાં એમનું સમવસરણ મંડાયું.

રાજા-રાણી, દીકરાઓ-પુત્રવધુઓ અને પરણીને વિધવા બનેલી લક્ષ્મણા... બધા જ પ્રભુનો ઉપદેશ સાંભળવા પહોંચી ગયા.

પ્રભુનો પુણ્યપ્રભાવ !

ચોથા આરાનો કાળપ્રભાવ !

જીવોમાં પાત્રતાપ્રભાવ !

બધાને દીક્ષાના ભાવ થયા, અને બધાએ દીક્ષાનો સ્વીકાર કર્યો, લક્ષ્મણાએ પણ !

જંબુદાડિમ મુનિ, શ્રીરાણી, લક્ષ્મણા.. બધા જ સુંદર આરાધના કરવા લાગ્યા. ચારિત્ર પરિણામની મસ્તીમાં મહાલવા લાગ્યા. મમતાભાવ મરી પરવાર્યો... ઉગ્ર-કષ્ટદાયી-દુઃખમય ઘોર તપ કરવા લાગ્યા.

એક દિવસ.......

જંબુદાડિમ મુનિને અને એમના પુત્રમુનિઓને પ્રભુએ ગણિપદના જોગમાં પ્રવેશ કરાવ્યો. પાત્ર આત્માઓને ઉત્તમપદવી આપવી જ જોઇએ ને !

એ ક્રિયામાં બીજા બધા સાધ્વીજીઓ તો ગયા, પરંતુ એ દિવસે લક્ષ્મણાસાધ્વીજી અંતરાયમાં હતા, એટલે એ ત્યાં જઇ શકે એમ ન હતા. અસજ્ઝાય ગણાય ને !

લક્ષ્મણાસાધ્વીજી ઉપાશ્રયમાં એકાંતસ્થાને બેઠા હતા.

ત્યાં એ એક નાનકડી ભૂલ કરી બેઠા, પણ એમના માટે તો એ મહાભયાનક ભૂલ સાબિત થઇ.

કાયગુપ્તિ સાધુજીવનનો આચાર છે.

ઇન્દ્રિયસંવર સાધુજીવનનો પ્રાણ છે. ...

સાધ્વીજીએ અંતરાયના સમયમાં આત્મચિંતન, અનુપ્રેક્ષા કરવી જોઇએ. એ સાધ્વીજી આમ તો કરતા જ હશે, પણ સામાન્ય ચંચળ બન્યા, એમની આંખો અસ્થિર બની, આસપાસ નજર ગઇ, અને એમણે એક દશ્ય જોયું.

એક પંખી અને એક પંખીણી.. [એક ચકલો + એક ચકલી] એકબીજાને પ્રેમ કરી રહ્યા હતા...

સાધ્વીજી જોઇ રહ્યા...

વર્ષો પહેલાની અતૃપ્ત વાસના જાગ્રત થઇ...

સંસારના સુખોની ઇચ્છા હતી, પણ પતિ મરી ગયો અને વાસના દબાઇ ગઇ. પછી તો દીક્ષા લીધી, પણ એ સંસ્કાર હજી મરી પરવાર્યા ન હતા, જીવતા હતા એ....

*"ધન્ય છે આ પંખીઓને.....*

*સફળ છે એમનું જીવન....*

*એમને આ ભોગસુખો તો મળે છે....*

*આ ચકલી ! પેલા ચકલાને કેવી વળગે છે, ચોંટે છે. એનાથી પેલો ચકલો કેટલો બધો ખુશ થાય છે. આ બંનેના ગુપ્તાંગોનો પણ કેવો સંગ થયો છે... વાહ! વાહ!"*

લક્ષ્મણાને ખુદને પણ ભાન ન રહ્યું કે 'એ કેવા ખરાબ વિચારોમાં પહોંચી ગઇ છે....'

એનું ચિંતન આગળ વધ્યું "*પરમાત્માએ ભલે અમને આ અબ્રહ્મની, ભોગની છૂટ ન આપી, પણ કમસેકમ અબ્રહ્મ ભોગવતા સ્ત્રી-પુરુષને જોવાની તો છૂટ આપવી જોઇએ. આ જોવામાં ય કેવી મજા આવે છે...*

*પ્રભુએ તો અમને સ્પષ્ટ ના પાડી દીધી છે કે મનથી, વચનથી, કાયાથી કોઇપણ પ્રકારે અબ્રહ્મનું દર્શન પણ નહી કરવાનું. મસ્તી કરતા સ્ત્રીપુરુષોને જોવાના પણ નહિ.*

*કેમ આવું કહ્યું પ્રભુએ ?*

*લાગે છે કે એ વીતરાગ છે. એટલે એમને અબ્રહ્મનો આનંદ શું ? અને એ ન મળે તો અતૃપ્તવાસનાની પીડા શું ? એનો અનુભવ જ નથી.*

*આગનો સ્વભાવ છે કે એ બાળે, પણ કંઇ એને જોવા માત્રથી આપણે થોડા બળી જઇએ છીએ ? એમ અબ્રહ્મસેવન કરીએ, તો આપણી આત્માને નુકસાન થાય, પરંતુ માત્ર એને જોઇએ. તો વાંધો જ શું છે ?*"

[Movies અને Mobile માં સ્ત્રી-પુરુષના ગંદા ચિત્રો જોનારા, ગંદા પોસ્ટરો જોનારા, ગંદુ વાંચનારાઓ એમ જ માનતા હશે ને કે અમે ક્યાં એ પરસ્ત્રી સાથે કંઇ ખરાબ કામ કરીએ છીએ, અમે તો માત્ર જોઇએ જ છીએ. અને સમાજે પણ આવું જોવામાં વ્યભિચાર ક્યાં માન્યો છે ? એની છૂટ જ આપી છે ને ? શું કોઇ પત્નીએ મોબાઇલાદિ પર પરસ્ત્રીના ગંદા ફોટા જોનાર પતિ પર એવો આરોપ મૂક્યો છે ? કે 'તમે પરસ્ત્રી સાથે પ્રેમમાં છો....']

અશુભ વિચારોની ધારા અહીં સુધી ચાલી, પછી અટકી. વળી આત્મા જાગ્યો અને શુભ ભાવો તરફ પાછો ફર્યો.

"*અરેરે ! મેં સાવ ખોટું વિચાર્યું, 100% ખોટું વિચાર્યું. પ્રભુએ જે કહ્યું છે, એ બરાબર સાચુ જ છે. 1% પણ એમાં ફેરફાર નથી. અરે, મને જ અનુભવ થઇ જ ગયો ને, મેં ક્યાં અબ્રહ્મ સેવ્યું છે ? માત્ર જોયુ છે, એ પણ ચકલા-ચકલીનું. છતાં મારા મનમાં કેવા વિકારો જાગ્યા, કેટલું ગંદુ બન્યું મારું મન !*

પ્રભુ સાચા, સાચા, સાચા જ...

અબ્રહ્મ સેવાય તો નહિ જ, જોવાય પણ નહિ, પંખીઓનું કે પશુઓનું પણ નહિ. હું તો છેક મનુષ્યોના અબ્રહ્મસેવન જોવાની ઇચ્છા કરવા માંડી હતી.

અરે, અંદર તો મને પણ ઇચ્છા થઇ ગઇ કે 'મારે પણ એક પુરુષ જોઇએ છે, મારે એની સાથે kiss, Hug થી માંડીને બધું જ કરવું છે, મૈથુન સેવવું છે....'

હે ભગવાન ! સપનામાં પણ મારે જે ન કરાય, એ આજે મેં જાગતી અવસ્થામાં વિચારી લીધું. એકદમ ગંદુ ! એકદમ ગંદુ !

મારો જે પતિ બનેલો, બસ ! એના સિવાય આખા જીવન દરમ્યાન મેં એક પણ પુરુષ માટે સ્વપ્નમાં પણ નાનો પણ વિકાર સેવ્યો નથી. મહાસતી બનીને જીવી છું હું !

અને આજે ? શું વિચાર્યું મેં ?

દુષ્ટ આચારવાળી બની હું

પાપી શીલવાળી બની હું.

કમભાગી, દુર્ભાગી બની હું.

અરે, મેં તીર્થંકર પ્રભુ માટે પણ કેવા કેવા વિચારો કર્યા ? એમની આશાતના કરી મેં ?.

'નવરા બેઠા નખ્ખોદ વાળે' એ ન્યાયે લક્ષ્મણાજીનું નવરું પડેલું મન આજે વચ્ચે વચ્ચે સારા વિચારો સાથે પણ અંતે તો નખ્ખોદ જ વાળવા બેઠું હતું.

વિચારો આગળ વધ્યા.

'પ્રભુ સાચા જ છે, પણ એમણે બતાવેલો આ મોક્ષમાર્ગ, આ આચારમાર્ગ બહુજ કઠિન છે. એને ધારણ કરી રાખવો એટલે જાણે પર્વતને ઉપાડવો.

કોણ આવો આચારમાર્ગ મન-વચન-કાયાથી પાળવા માટે સમર્થ બને ?

અરે, વચન-કાયાથી તો એકવાર પાલન થઇ પણ જાય, પણ મનથી પણ લેશ પણ વિકાર ન જાગે, એ અશક્ય જ છે. માટે જ મને પણ વિકારો આવી જ ગયા ને ! એટલે મનના દોષ તો લાગવાના જ...

હા ! આમાં આવું પણ છે કે હકીકતમાં તો ખરાબ વિચાર આવવા જ અઘરા છે. મને ક્યાં અત્યાર સુધી ખરાબ વિચાર આવ્યા છે ? પણ એકવાર ખરાબ વિચાર આવ્યા બાદ ખરાબ વચન, ખરાબ કાયા તો એકદમ આસાન છે.

એટલે જે મનથી કુશીલ બન્યો, એ પછી વચન-કાયાથી કુશીલ બની જ ગયો. એટલે, હું આજે કુશીલ બની ગઇ.

અજાણતા, ઉતાવળમાં મારી આ ભૂલ થઇ ગઇ, ખરાબ વિચારો આવી ગયા. હું પ્રભુ પાસે એની આલોચના કરી લઉં, પ્રભુ જે પ્રાયશ્ચિત્ત આપે, એ ઝડપથી આચરીને શુદ્ધ બનું.

પણ.. પણ.. પણ..

જેટલી શીલવતી નારીઓ છે, એમાં હું સૌથી પ્રથમ ગણાઉં છું.

માત્ર મનુષ્ય લોકમાં જ નહિ, પણ સ્વર્ગ લોકમાં પણ મારી શ્રેષ્ઠ શીલવતી તરીકે પ્રસિદ્ધિ છે.

અરે, હું રસ્તા પર ચાલુ, તો મારા ચાલ્યા બાદ ત્યાંની ધૂળ લોકો પોતાના માથે - આંખે લગાડે છે. લોકોને એવી શ્રદ્ધા છે કે આ મહાશીલવતી લક્ષ્મણાજીના ચરણોની ધૂળના સ્પર્શથી આપણા પાપો ધોવાશે. આપણે પવિત્ર બનશું....

હવે જો હું પ્રભુ પાસે મારા મનનું પાપ બોલીશ, તો મારું પાપ પ્રગટ થશે, તો લોકોમાં મારી ઇજ્જત ખતમ થશે. પછી કોઇ મને સ્વર્ગમાં યાદ નહિ કરે. પછી મારો પ્રથમ નંબર નહિ રહે. પછી કોઇ મારા ચરણોની ધૂળ નહિ લે. બધા અંદર અંદર વિચારશે અને બોલશે કે 'આ કંઇ શીલવતી નથી. આને તો ચકલા-ચકલીનું મૈથુન જોઇને મૈથુનની ઇચ્છા થયેલી. શું કરે બિચારી ? વિધવા થઇ હતી ને ? કશું સુખ મળ્યું ન હતું ને, એટલે આવું જ થાય.'

*વળી મારા મમ્મી-પપ્પા,ભાઇઓને જ્યારે ખબર પડશે, ત્યારે તેઓ પણ કેટલા બધા દુ:ખી થશે ને ?'*

આ ચાલી અશુભભાવધારા.....

પણ પાછો એને એક મોકો મળ્યો.... પાછી શુભભાવધારા પ્રગટી.....

*'ના, ના. એમાં શું ? ભૂલ તો બધાની થાય. મારે પણ પ્રમાદવશ ભૂલ થઇ ગઇ, અને એ પણ મનથી જ થઇ છે. મેં કંઇ વચન-કાયાથી તો કોઇ પાપ કર્યું નથી. તો મારા પરિવારને ખબર પડે, તો ય તેઓ એમાં શું કામ દુ:ખી થાય ? ઉલટું એમને મારા માટે ગર્વ થશે કે 'લક્ષ્મણાએ શુદ્ધ આલોચના કરી....'*

અને નિર્ણય કરી લીધો લક્ષ્મણાએ શુદ્ધ આલોચના કરવાનો....

ઉભી થવા ગઇ લક્ષ્મણા.... ત્યાં જ,

એક કાંટો જોરથી લક્ષ્મણાના પગમાં લાગ્યો.

`ધડામ` કરતી ધરતી પર પડી ગઇ લક્ષ્મણા...

ચંચળ મનના ચંચળ વિચારોનો પ્રવાહ બદલાયો....

*'આ આખા ભવમાં મને ક્યારેય પણ કાંટો નથી લાગ્યો, અને આજે જ કેમ લાગ્યો ? તો હવે શું થશે ?*

*હં ! હવે સમજાયું. ચકલી પેલા ચકલા સાથે મૈથુન સેવતી હતી, એની મેં અનુમોદના કરી. 'એ પાપ છે' એ જાણવા છતાં મનથી એને સારું માન્યું. હવે મારે તો મહાવ્રત છે મૈથુન સેવવું નહિ. સેવડાવવું નહિ. કોઇ સેવતું હોય તો એની અનુમોદન ન કરવી. આ છે મારું વ્રત ! શીલવ્રત ! પણ મેં તો અનુમોદના કરી નાંખી, એટલે મેં તો શીલની વિરાધના કરી જ નાંખી. મારું શીલવ્રત ભાંગી ગયું.*

અને સ્પષ્ટ વાત છે કે

***મનુષ્ય ભલે બહેરો હોય, આંધળો હોય, મુંગો હોય, કોઢીયો હોય, આખું શરીર સડી ગયું હોય, તો પણ જો એ બ્રહ્મચર્યનું પાલન કરે, તો દેવો પણ એની સ્તવના કરે,*** *પણ જો એ શીલવ્રતનો ભંગ કરે, તો દેવો એને યાદ ન કરે.*

મેં તો શીલવ્રતનો ભંગ કરીને ઘોર પાપ બાંધ્યું છે.

આનું ફળ તો અતિભયાનક હોય.

મને તો હજી માત્ર મારા પગમાં એક કાંટો જ વાગ્યો છે, મને વધારે કશું નુક્સાન નથી થયું, એટલે આ તો મને મોટો લાભ થયો છે. શૂળીની સજા સોંયમાં પતી.

બાકી તો માતાએ મને કહેલું કે 'બેટી ! સ્ત્રી જો શીલનો ભંગ કરે, તો એ સાતે ય નારકમાં જાય.'

મારા માથા ઉપર વજ્ર - લોખંડ નથી પડ્યું,

મારા ઉપર ધૂળનો વરસાદ નથી થયો,

મારા હૃદયના સેંકડો ટુકડા નથી થઇ ગયા....

એ જ એક મોટું આશ્ચર્ય છે.

બાકી તો શીલભંગ કરનાર મારા ઉપર આવા ઘોર દુ:ખો તૂટી જ પડે.

એટલે મારે મારા આ મનના પાપની આલોચના તો કરવી જ જોઇએ. એમાં મારો પરિવાર પણ કંઇ દુ:ખી નહિ થાય. પણ એટલું તો ખરું કે લોકો તો બોલવાના જ કે 'જંબુદાડિમ જેવા રાજમુનિની દીકરીએ મનથી આવું પાપ કર્યું.... હાય !'

આમાં મારા માતા-પિતાનું ખરાબ દેખાય, લોકોમાં એમની નિંદા-ટીકા થાય.

આ તો બરાબર નથી. મારા નિમિત્તે એમનું ખરાબ દેખાય, એ ન ચાલે.

પણ છતાં આલોચના કરવી જ છે, તો મારા નામથી આ પાપ નહિ કહું, પણ એ રીતે કહીશ કે 'કોઇ સાધ્વી મનથી આવો વિચાર કરે. તો એને શું પ્રાયશ્ચિત્ત આવે ?' પછી પ્રભુ જે પ્રાયશ્ચિત આપશે, એ હું કરીશ.

આમાં મારા માતા-પિતાનું પણ ખરાબ નહિ લાગે, અને મારું પાપ પણ ધોવાઇ જશે.'

મનને મનાવી લીધું લક્ષ્મણાએ.....

માતાપિતાની ઇજ્જતના સાચા કે ખોટા બહાના હેઠળ પોતાનું નાનું પાપ છુપાવવાનું અતિ મોટું પાપ કરી બેઠી લક્ષ્મણા !

ગીતાર્થતા ન હતી, એટલે ભાન ન રહ્યું એને કે 'આવું ન કરાય'.

ગીતાર્થને સમર્પિત પણ ન હતી. એટલે પ્રભુને પૂછીને પ્રભુ જેમ કહે, એમ જ કરવાની સદ્બુદ્ધિ પણ ન આવી લક્ષ્મણાને !

અરે, આલોચના ક્યાં જાહેરમાં કરવાની હતી ?

એ તો એકાંતમાં જ પોતાનો દોષ પ્રભુને બોલી શકત ને ?

પછી કોને ખબર પડવાની હતી ?

કેમ આટલી બુદ્ધિ પણ ન સૂઝી લક્ષ્મણાને ?

પણ, **विनाशकाले विपरीतबुद्धिः....**

પોતાની જાત સાથે જ ચાલબાજી ખેલી લીધી લક્ષ્મણાએ !

શાસ્ત્રબોધ ન હોવાથી મહાભયંકર નુકસાનનું બીજ આત્મામાં વાવી દીધું લક્ષ્મણાએ !

વિચારે છે લક્ષ્મણા......

*'ભગવાન જે પ્રાયશ્ચિત્ત કહેશે, એ તો હું બરાબર કરીશ જ. જો પ્રભુએ બતાવેલ પ્રાયશ્ચિત્ત નહિ કરું, તો મારું પાપ નહિ ધોવાય.'*

ન સમજી શકી લક્ષ્મણા કે 'સરળ બનીને સીધેસીધું જો પોતાનું પાપ કહી દીધું હોત, તો સામાન્ય પ્રાયશ્ચિત્ત આવત.'

પણ એને ક્યાં પ્રાયશ્ચિત્તનો ડર હતો ?

એને તો પોતાની ઇજ્જતનો, મા-બાપની ઇજ્જતનો ભય હતો.

ગઇ લક્ષ્મણા પ્રભુ પાસે...

`પ્રભુ ! કોઇ સાધ્વીજી પંખીના મૈથુનને જોઇને મનથી એની અનુમોદના કરે, તો એને શું પ્રાયશ્ચિત્ત આવે ?` પૂછી લીધું લક્ષ્મણાએ....

પ્રભુએ તો પ્રશ્ન પ્રમાણે ઉત્તર આપી દીધો.

પ્રભુએ લક્ષ્મણાને ઉપદેશ ન આપ્યો, માયા-કપટ છોડવાનું ન કહ્યું, `તેં જ આ પાપ કરેલું છે` એમ ન કહ્યું.....

અપાત્ર આત્માને પ્રભુ ઉપદેશ નથી આપતા.

કેટલું પ્રાયશ્ચિત કર્યું લક્ષ્મણાએ, ખબર છે ?

સાંભળો,

**(1)** **10 વર્ષ:** 2 ઉપવાસ + પારણું + 3 ઉપવાસ + પારણું + 4 ઉપવાસ + પારણું + 5 ઉપવાસ + પારણું...

**(2)** **16 વર્ષ:** માસક્ષમણ (16 × 12 = 192 માસક્ષમણ + 192 પારણા.)

**(3)** **4 વર્ષ:** ભુંજવેલા ચણા....

**(4)** **20 વર્ષ:** આયંબિલ.. (360×20 =7200 આંબિલ)

ભિક્ષામાં સંપૂર્ણ નિર્દોષ ગોચરી જ લાવી, વાપરી લક્ષ્મણાએ....

આ 50 વર્ષ પોતાના પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોમાં લેશ પણ પ્રમાદ ન કર્યો લક્ષ્મણાએ ! સ્વાધ્યાય + વિહાર + પ્રતિક્રમણ + પ્રતિલેખન + વૈયાવચ્ચ + મહાવ્રતપાલન + દસ સામાચારી + અષ્ટપ્રવચન માતા + દસ યતિ ધર્મ... કશામાં કમી ન રાખી.

બસ, એક જ કમી રહી, પોતાનું નાનું પાપ છુપાવવાની !

***

## ભવ-2 – ખંડોષ્ઠા

જન્મ આપી દીધો કર્મસત્તાએ !

એ પણ એવો જન્મ કે લક્ષ્મણાના જીવને પોતાને તો મૈથુન સેવવા ન મળે, પણ બીજી મૈથુન સેવનારીઓને જોઇ જોઇને અંદરથી માત્ર બળ્યા કરવું પડે. 'મને આ *નથી* મળતું' એ સંતાપમાં જીવવું પડે.

નામ પડ્યું એ દાસીનું ખંડોષ્ઠા !

સ્વભાવ ઘણો જ સરસ હતો એનો ! વિનયસભર ! સાધ્વીજીવનના વિનયના સંસ્કાર કદાચ અહીં પણ જાગ્રત રહ્યા હોય.

પણ આ વિનય કોનો કરવાનો ?

ત્યાં તો તીર્થંકરનો, ગુરુણીનો, ગુરુબહેનોનો....

અહીં વેશ્યાઓનો, વેશ્યાઓની નેતા અક્કાનો....

પણ એ બિચારીને ક્યાં ભાન છે કે મેં શું ગુમાવ્યું ?

કરે છે તમામ વેશ્યાઓનો શ્રેષ્ઠ વિનય ! શ્રેષ્ઠ સેવા !

બધાની લાડકી બની ગઇ ખંડોષ્ઠા, મીઠા શબ્દો, મીઠા સ્વભાવના પ્રતાપે ! અક્કાનો વિનય ચારગણો ! એટલે અક્કાને તો એ અતિશય વહાલી બની... તીર્થંકરના, સદ્ગુરુના પ્યારા બનવું અને અક્કાના, વેશ્યાઓના પ્યારા બનવું... એ બેમાં કેટલું મોટો અંતર ! અશુભવિચારો કેવો ફટકો મારે છે ને ?

કામ શું એનું ?

વેશ્યાગમન કરવા માટે જે પુરુષો આવે, એમને મીઠો આવકાર આપવો, એમને એમની મનગમતી વેશ્યા સાથે મેળાપ કરી આપવો. વેશ્યા સાથે મોજ માણતા એમને શરાબ -માંસ... વગેરે પહોંચાડવા જવું. પછી એ એંઠા વાસણો પાછા લાવવા, શરાબના અતિરેકમાં ઉલટી કરી હોય, તો એ સાફ કરવી, અતિવાસનાવાળા પુરુષોએ વેશ્યા પર અત્યાચાર કર્યો હોય, પશુ જેવું કામ કર્યું, હોય તો એ વેશ્યાઓને મલમપટ્ટા કરી આપવા.

પૂર્વભવના સાધ્વીજી કદાચ ગુરુની કે ગુરૂબહેનોની સેવા કરતા હશે મનથી અને અહીં મન મારીને વેશ્યાઓની, વેશ્યાગામીઓની સેવા કરવા લાગી લક્ષ્મણા !

કર્મસત્તાએ કેવી રમત રમી એ તો જુઓ.

ભલે ને દાસી તરીકે જન્મી, છતાં એ વેશ્યા તો બની શકત ને ? અને એને અતિશય સુંદર રૂપ મળ્યું જ હતું.

લાવણ્યનો - કાંતિનો કોઇ પાર ન હતો.

પણ છતાં, કર્મસત્તાએ એને માથામાં એકપણ વાળ ન આપ્યો.

જન્મથી ટાલવાળી એના તરફ ભોગસુખની ભાવના કોને થાય ?

બધું આપીને ઇચ્છાઓ ઉભી કરાવી કર્મસત્તાએ....

પણ એકાદ વસ્તુ ન આપીને ઇચ્છાઓ પૂરી ન થાય માટે મજબૂરી ઉભી કરાવી કર્મ સત્તાએ !

એકાંતમાં રડતી, રીબાતી, બધાની સામે હસતી ખંડોષ્ઠાની જીંદગી આ રીતે પણ સીધે સીધી પસાર થઇ જાત, તો ચાલી જાત....

પણ એના વિચાર ના પાપો એને એવું ભયાનક ફળ આપવાના હતા કે ઉપરના બધા વિપાક સાવ તુચ્છ લાગે, સુખરૂપ લાગે.

વિચાર આવ્યો અક્કાને એકવાર, આ ખંડોષ્ઠાના પાપે જ !

*'મારી આ દાસી ખૂબ વિનયી છે, અનુકૂળ છે અને મોટી વાત તો એ છે કે એને ભલે એકપણ વાળ નથી, પરંતુ એનું રૂપ અદ્ભુત છે. અત્યાર સુધીમાં આના જેવી રૂપવાન મેં કોઇ જોઇ નથી. ભલે, એ ટાલવાળી છે, પણ મને પાક્કો ભય છે કે પુરુષો એને પસંદ કરવા લાગશે જ, અને પછી તો એવી હાલત થશે કે મારી જે દીકરીઓ વેશ્યા બની છે, એમનો તો કોઇ પુરુષ ભાવ પણ નહિ પૂછે. બધાને ખંડોષ્ઠા જ દેખાશે. તો પછી મારી દીકરીઓનું ભવિષ્ય શું ?*

*ઉપાય એક જ છે, આના બે કાન કપાવી દઉં, નાક કપાવી દઉં, અને હોઠ કપાવી દઉં... પછી એ કદરૂપી બની જશે, તો કોઇ એને ચાહશે નહિ.*

*બસ, પછી મારી દીકરીઓની- વેશ્યાઓની જીંદગી સુરક્ષિત !'*

શું દોષ ખંડોષ્ઠાનો ? એ તો કેટલી બધી વહાલી બની હતી અક્કાની ! છતાં અક્કાને આટલી હદ સુધીના ક્રૂર વિચારો આવ્યા. દોષ કોનો ? અક્કાનો ? ભલે, પણ ખંડોષ્ઠાના પૂર્વભવોના પેલા વિચારના પાપો તો ઘણો વધારે ને ?

કોઇને દોષ આવતા પહેલા સમજી જ લેવું, કે 'આપણું ખરાબ કરનાર તો માત્ર નિમિત્ત છે, મુખ્ય તો આપણા પૂર્વભવના પાપકર્મો જ છે.'

અક્કાના વિચાર આગળ વધે છે.

*'ના, ના ! મારે આવો વિચાર ન કરાય. ભલે એ મારી દાસી છે, દીકરી નથી, પણ વેશ્યાને વળી પેટની જન્મેલી દીકરીમાં કે બીજી છોકરીમાં.... શું ફરક ? અને જે રીતે એ મારી સેવા કરે છે, એ રીતે તો એ પણ મારી દીકરી જેવી જ છે. એટલે બધા એને ચાહે, અને મારી દીકરીઓને ન ચાહે, તો એમાં શું વાંધો ?*

*અને એ તો એને ચાહનારાઓ અને મારી દીકરીઓને ચાહનારાઓ મળી જ રહેશે.*

*પણ એક વાત પાક્કી છે કે આ અત્યંત વિનયી છે. એટલે આવનાર પુરુષો એને ચાહે, ત્યાં સુધી તો વાંધો નહિ, પણ એના પ્રેમમાં પાગલ બનીને એને પોતાની સાથે જ લઇને જતા રહે તો ? અને પૈસાના કે સત્તાના જોર સામે મારું કોઇ જોર ચાલવાનું નથી. અને એનેય કોઇ શ્રીમંત સત્તાધીશ - રૂપવાન પુરૂષ સાથે જતા રહેવું ગમવાનું જ, એ વખતે એ કંઇ અમારા માટે થોડી જ અટકવાની ?*

*આ મને ન પરવડે.*

*એ જતી રહે, તો મારી બધી વ્યવસ્થા તૂટી જાય. અત્યારે ઘણા બધા કામ એ જ તો સંભાળે છે. એના પછી કોણ ?*

*માટે મારે એવું કંઇક કરવું પડશે કે 'આને કોઇ લઇ જ ન જાય, લઇ જાય તો ય છેવટે એને છોડી દે, અને એણે અહીં પાછું આવવું જ પડે.'*

*સીધી વાત છે કે કોઇપણ એને લઇ જશે તો કંઇ એની પાસે ઘરના*

કામ કરાવવા માટે નહિ, પરંતુ એના રૂપમાં મોહાઇને એની સાથે મૈથુનસુખ પામવા માટે જ. એ માટે તેઓ મોટી કિંમત પણ ચૂકવવા તૈયાર થશે જ.

પણ હું એવું જ કરું કે આ ખંડોષ્ઠા મૈથુન સેવન માટે નાલાયક બને.' અક્કાના વિચારો અતિભયાનક દિશા તરફ વળ્યા.

'એનું બાહ્યરૂપ નથી બગાડવું. કાન-નાક-હોઠ નથી કાપવા, પણ એવું વશીકરણ આપી દઉં, એવી કોઇક ઔષધિ ખવડાવી દઉં, કે જેના કારણે એનું ગુપ્તાંગ સડી જાય, એમાં કીડા પડે, એ કીડાઓ ગુપ્તાંગને ખાઇ જાય. એ રૂપાળી રહેશે, પણ સ્ત્રી તરીકે નાલાયક બનશે. ભોગ માટે, અબ્રહ્મ માટે અપાત્ર બનશે.

આવી રૂપાળી ખંડોષ્ઠાને કોઇ નહિ લઇ જાય. ભૂલથી લઇ જશે, તો ય કીડાઓથી ખદબદ થઇ ઉઠેલા ગુપ્તાંગને, સડી ગયેલા ગુપ્તાંગને જાણીને બિચારો એને છોડી જ દેશે.

છેવટે, એણે આવવું જ પડશે, મારી જ પાસે.

અરે, એ ભાગીને જઇ જ ન શકે. એ માટે એને સાંકળથી બાંધીને રાખીશ, એને એવી રીતે બાંધીશ કે આખા વેશ્યાલયમાં હરી ફરી શકે. પરંતુ ભાગી ન શકે.'

આવા આવા વિચારો કરતી અક્કા સુઇ ગઇ.

કુદરતના ખેલ જુઓ...

એ જ રાત્રે ખંડોષ્ઠાને સ્વપ્ન આવ્યું કે

- મને એવું ઔષધ ખવડાવવામાં આવ્યું છે કે મારું ગુપ્તાંગ કીડાઓથી ખદબદી ગયું.
- મને સાંકળોથી બાંધવામાં આવી છે.
- મારા નાક-કાન-હોઠ કાપવામાં આવ્યા છે.
- મારી માતાતુલ્ય અક્કાએ જ આવા કાર્યો કર્યા છે.

ગભરાઇને ઉઠી ગઇ ખંડોષ્ઠા !

થરથર ધ્રુજવા લાગી ખંડોષ્ઠા !

સવાર પડે, એ પહેલાં તો કોઇને પણ કહ્યા વિના ખંડોષ્ઠા ત્યાંથી ભાગી ગઇ. ભટકતી રહી બિચારી ગામડાઓ, શહેરોમાં પરદેશોમાં !

જે મળ્યું એ ખાધું, એ પીધું.

છ મહિના આ રીતે ભિખારણની જેમ પસાર કર્યા ખંડોષ્ઠાએ !

પહોંચી એ 'સંખંડ' નામના એક ખેટકમાં (નાનું શહેર જ).... ખંડોષ્ઠાના સૌભાગ્યે (!!!) ત્યાં એને વિધવાના બેટા સાથે મિલન થયું. કુબેર જેવી અમાનસમાન સંપત્તિનો એ માલિક હતો.

બંનેને એકબીજા પ્રત્યે અનુરાગ જન્મ્યો, એના એક લગ્ન તો થયેલાં જ હતા. એણે ખંડોષ્ઠાને પોતાના ઘરે જ બેસાડી દીધી.

સોતન ઘરે આવવાથી રોમે રોમે સળગી ઉઠી એની જુંની પત્ની !

પણ શું કરે ? પતિ સામે શું બોલે ? મનમાં બદલો લેવાની તીવ્રભાવના સાથે દિવસો પસાર કરવા લાગી એ સ્ત્રી !

પગમાં કાંટો વાગે, તો કાઢવો તો પડે જ ને ?

આંખમાં કાચ ઘુસે, તો નીકાળવો તો પડે જ ને ?

અંદર ભડભડતી આગને સંઘરી રાખીને બેઠી એ સ્ત્રી!

અને એ કાળરાત્રિ આવી ગઇ.

યમરાજ પણ આવા ત્રાસ ન આપે ,

એવું ભયાનક કૃત્ય કર્યું એ રાત્રિએ !

દોષ કોનો ? એ સ્ત્રીનો હા ! પણ એના કરતાં ઘણો જ વધારે ખંડોષ્ઠાનો ! લક્ષ્મણા સાધ્વીના જીવનમાં મનના છુપાવેલા પાપોનો ! મરતી વખતે રહી ગયેલી મૈથુનની ઇચ્છાનો !

નિર્દોષ, સરળ ખંડોષ્ઠા એ રાત્રે ઘસઘસાટ ઉંઘતી હતી.

પેલી સ્ત્રીએ એને જોઇ. આજે બદલો લેવાનો મોકો મળ્યો.

શેતાનને શરમાવે એવી રૌદ્ર બની એ સ્ત્રી !

ગઇ રસોડામાં, અને સળગતું લાંબુ લાકડું ઉપાડ્યું...

દોડીને પહોંચી ખંડોષ્ઠા પાસે...

*'નીચ ! મારા સુખમાં ભાગ પડાવવા આવી છે. તો જોઇ લે હવે તારા પાપનું ફળ !'* વિચારતી એ સ્ત્રીએ ખંડોષ્ઠાના નીચેના ગુપ્તભાગમાં જોરથી એ સળગતું લાકડું ઘુસાડી દીધું.

અતિ ભયાનક ચીસ પાડી ઉઠી ખંડોષ્ઠા !

ચીસોની હારમાળા ચાલી... વેદનાનો કોઇ પાર નહિ.

પણ એ સ્ત્રીને દયા તો ન આવી ઉલટી એની ક્રૂરતા વધતી ગઇ. ક્રૂરતા સાથે બોલી એ સ્ત્રી... “લે, લે, મૈથુન સેવવું છે મારા પતિ સાથે,” અને એ સળગતા લાકડાને એટલું જોરથી અંદર ઘુસાડતી ગઇ કે પેટ -પીઠના ભાગને ઓળંગીને છેક હૃદયના ભાગ સુધી એ લાકડું ખંડોષ્ઠાના શરીરમાં ઘુસી ગયું.

'ઓ મા ! ઓ બાપ ! ઓ ભગવાન !' ચીસો ઉપર ચીસો પાડતી ગઇ ખંડોષ્ઠા ! પણ પેલી સ્ત્રીનો વૈરભાવ હજી શાંત નથી થયો.

'સાલી.... ! હજી તો તારી યોનિ બાકી છે, મારા સુખમાં ભાગ પડાવવાનું મુખ્ય અંગ ! એની તો એવી હાલત કરીશ કે આ ભવમાં તો નહિ, ભવોભવમાં તુ મારા પતિને, મારા પ્રિયતમને પચાવી પાડવાનો વિચાર પણ નહિ કરે... '

અને રાક્ષસી બનેલી એ સ્ત્રી દોડી,

ખંડોષ્ઠાના તો ઉભા થવાના પણ હોંશ રહ્યા ન હતા. ગૃહ્ય અંગથી હૃદય સુધી ઘુસી ગયેલા સળગતા લાકડાની વેદના એને મહાભયાનક ચીસો પડાવી રહી હતી.

ત્યાં તો પાછી આવી પહોંચી પેલી સ્ત્રી !

ખંડોષ્ઠા જોતી જ રહી એનું બિહામણું સ્વરૂપ !

એના હાથમાં અગ્નિમાં તપાવેલો, લાલચોળ લોખંડનો સળિયો હતો... એનું મોઢું તો એનાથી પણ વધુ ભયાનક લાલચોળ હતું. તણખા ઝરતા હતા એ સળીયામાંથી !

અતિવિકૃત હાસ્ય એના મોઢા પર તરવરી રહ્યું હતું.

કાલીમાતા જ જાણે જોઇ લો, એવું રાક્ષસી સ્વરૂપ !

ખડોષ્ઠા કંઇ કરે, વિચારે, બોલે.. ત્યાં તો

'લે.... લે... લે... તારા યોનિના સુખ માટે કોઇ પુરૂષ નહિ, આ સળીયો જ' અને ખંડોષ્ઠાની યોનિમાં એ ધગધગતો, લાલચોળ સળીયો જોરથી, મહાભયંકર જોરથી ઘુસાડી દીધો એ સ્ત્રીએ !

'ઓ... ઓ... ઓ...' અતિ અતિ અતિ કારમી ચીસ પાડી ખંડોષ્ઠાએ !

'હા હા...' અતિ અતિ અતિ ભયાનક હાસ્ય વેર્યું એ સ્ત્રીએ !

યોનિ ફાટી ગઇ, માંસના ટુકડા દેખાવા માંડ્યા. એ ભાગ સળગવા માંડ્યો, અને થોડી જ પળોમાં ખંડોષ્ઠાનું મોત થયું.

પેલી સ્ત્રી ! હજી એને શાંતિ થઇ ન હતી.

મોટું ચપ્પું લાવીને ખંડોષ્ઠાના શરીરના નાના નાના ટુકડા કર્યા, અને કાગડા-કુતરાઓને ખાવા આપી દીધા.

એનો પતિ હાજર ન હતો એ વખતે ! માટે જ તો આ તક મળી હતી એ સ્ત્રીને !

જ્યારે એ ઘરે પહોંચ્યો, ત્યારે તો પેલી સ્ત્રી ખંડોષ્ઠાના શરીરના અતિશય નાના નાના ટુકડા કરી ચૂકી હતી. એને આશ્ચર્ય થયું, આઘાત લાગ્યો.

*'મેં મારી જૂની પત્નીને ઘરમાંથી કાઢી મૂકી ન હતી. એને પણ સુખ આપતો જ હતો. પણ સ્ત્રીના સ્વભાવની ઇર્ષ્યા કામ કરી ગઇ. સંસારમાં છેવટે બસ આ જ રાગ-દ્વેષ ભરેલા છે. સાવ તુચ્છ સુખો માટે કેટલી હદ સુધીની નીચતા ! એ પણ કોમળતાનો, કરુણાનો અવતાર ગણાતી સ્ત્રીમાં !'*

એ કશું ન બોલ્યો, કોઇ શિક્ષા ન કરી સ્ત્રીને !

જતો રહ્યો સ્ત્રીને, સમૃદ્ધિને, ઘરને છોડીને !...

મળી ગયા એને પુણ્ય અને ભાવનાના પ્રતાપે એક સંવિગ્ન ગીતાર્થ મુનિભગવંત ! પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો અને એજ ભવમાં એ વિધવાપુત્રમુનિ મોક્ષ પામ્યા.

અનંત વંદન હો એ મહાત્માને !

ખંડોષ્ઠાનો ભયાનક અંત ધ્યાનમાં લેજો.....

મૈથુનના વિચારોનું નહિ કરેલું પ્રાયશ્ચિત્ત...

મરતી વખતે મૈથુનની ઇચ્છાઓ... વાસનાઓ...

કેવા ભયાનક પાપ કર્મો બંધાવ્યા એ વિચારોએ...

કે મૈથુનોપયોગી અંગોમાં જ નરકને ભૂલાવે એવી વેદના ઉત્પન્ન કરાવી.

આ એનો બીજો ભવ પૂરો થયો.

આપણે આપણા મનના નાના-મોટા વિકારોનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત લીધું છે ? આપણા મનમાં હજી ય એવા અશુભવિચારો નાના-મોટા અંશે પ્રગટે જ છે ? એની આલોચના કરવાની તૈયારી છે ?

આપણે લક્ષ્મણા બનવું છે ? ખંડોષ્ઠા બનવું છે ?

સરહદ ઉપર ચાર પાંચ પુરુષોના ગુપ્ત અંગો કાપી નાંખવામાં આવેલા.

શું તેઓએ પૂર્વભવોમાં આવા જ કોઇ પાપો કર્યા હશે ? અતિશય કામવિકારનો ભોગ બન્યા હશે ? તો મોબાઇલ-મુવીવાળાઓની હાલત શું આવી થશે ?

વિચારો .... વિચારો... વિચારો....

***

## ભવ-3 ચક્રવર્તીની પત્ની

અતિભયાનક પીડા ભોગવનારને અકામનિર્જરા પ્રાપ્ત થાય જ છે, અને એના પ્રતાપે ક્યારેક સુખમય ભવ મળી જાય. પછી પરંપરામાં તો ત્યાં પણ દુ:ખોના ડુંગરાઓ હોય છે. **'खणमित्तसुक्खा बहुकालदुक्खा'.....**

ક્ષણમાત્રનું સુખ, વિરાટ દુ:ખ !

ખંડોષ્ઠા મરીને બની ચક્રવર્તીની પત્ની ! સામાન્ય પત્ની નહિ, પણ સ્ત્રીરત્ન ! કામવિકારના આછા આછા સંસ્કારો સ્ત્રીરત્નના ભવમાં ભડકે બળ્યા.

એવો નિયમ છે કે

(1) ચક્રવર્તીના સ્ત્રીરત્નમાં કામવાસનાની એટલી બધી ગરમી હોય છે કે માત્ર ચક્રવર્તી જ એની સાથે ભોગ ભોગવી શકે, બીજો કોઇપણ પુરૂષ ભોગ ભોગવે તો મરી જ જાય.

(2) સ્ત્રીરત્ન કદિ માતા ન બને કેમ કે એની યોનિમાં કામવાસનાની સખત ગરમીના કારણે કોઇપણ જીવ ટકી જ ન શકે. ચક્રવ્રર્તીને બીજી સ્ત્રીઓ દ્વારા સંતાનની પ્રાપ્તિ થાય, પણ સ્ત્રીરત્ન દ્વારા નહિ જ.

(3) એની કામવાસનાની હદ એટલી કે મહાબળવાન, મહાવીર્યવાન ગણાતા ઘોડાને જો સ્ત્રીરત્ન માત્ર કામવાસના સાથે માથેથી લઇને પીઠ સુધી સ્પર્શ કરે ને, તો ત્યાં સુધીમાં તો ઘોડાનું બધું જ વીર્ય ઓગળી જાય, આખા શરીરમાં વીર્યનું બુંદ પણ ન રહે, અને માટે એ જ વખતે ઘોડો મરી જાય.

ચક્રવર્તીના મુખ્ય ઘોડાની = અશ્વરત્નની પણ આ હાલત થાય, તો બીજા ઘોડાઓની તો શી વાત કરવી ?

બ્રહ્મદત્ત ચક્રવર્તીના મૃત્યુ બાદ, જ્યારે એનો દીકરો રાજા બન્યો, ત્યારે એણે બ્રહ્મદત્તના સ્ત્રીરત્ન પાસે (પોતાની સાવકી માતા પાસે) ભોગસુખની માંગણી કરેલ. સ્ત્રીરત્ન કેતુમતીએ જવાબ આપેલો "તુ મરી જઇશ, અને ત્યારે કેતુમતીએ ઘોડા ઉપર હાથ ફેરવીને એ પ્રયોગ કરી બતાવેલો. ઘોડાનું મોત જોઇને એ નવો રાજા શાંત થઇ ગયેલો.

(4) આ કામવાસનાની અતિતીવ્રતા વગેરેના કારણે જ સ્ત્રીરત્ન અવશ્ય છટ્ઠી નરકમાં જ જાય છે.

આવો સ્ત્રીરત્ન તરીકેનો ભવ મળ્યો ખંડોષ્ઠાને ! લક્ષ્મણાના જીવને ! બધી જ ઇચ્છાઓ પૂરી થઇ ગઇ એની !

બેહદ વાસના સાથે બેહદ મૈથુન સેવી લીધું એણે...

કર્મરાજ જોતો રહ્યો, હસતો રહ્યો... બોલતો રહ્યો.....

'તને ખંડોષ્ઠાના ભવમાં ભોગ સુખ ન ભોગવવા દીધા, આ ભવમાં ભોગવવા દીધા. એ તો આવતા ભવમાં તારો સત્યાનાશ કાઢવા માટે...'

પણ લક્ષ્મણાનો અજ્ઞાની જીવ આ બધા નક્કર સત્યને શી રીતે સમજી શકે ?

***

## ભવ – 4 છટ્ઠી નારક

એવી લોકવ્યવસ્થા જ છે કે 'સ્ત્રી ક્યારેય સાતમી નારકમાં ન જાય. વધુમાં વધુ છટ્ઠી નારકમાં જાય.'

એ ન્યાયે લક્ષ્મણાનો જીવ છટ્ઠીનારકમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ ત્રિકોણ આકારવાળા નરકાવાસમાં જન્મ લીધો. ત્યાં ઉત્કૃષ્ટથી બાવીસ સાગરોપમનું આયુષ્ય હોય છે.

આપણે વ્યવહારથી એમ ભલે બોલીએ કે 'નારકના દુ:ખની યાદ કરાવે, નારકના દુ:ખને ઝાંખા પાડી દે... એવા દુ:ખો ખંડોષ્ઠાના ભવમાં સહન કરવા પડ્યા.'

પણ હકીકત એ છે કે 'મનુષ્ય-તિર્યંચના દુ:ખ કરતા તો નારકનું દુ:ખ અનંતગણું હોય છે.' આ તો આપણે મનુષ્યનું દુ:ખ જોઇ શકીએ, સમજી શકીએ એટલે એ ઘણું વધારે ભયાનક લાગે. માટે એમ કહેવામાં આવે કે 'એ નરક જેવું કે નરકથી ય ભયાનક !' બાકી તો નરકના દુ:ખ સાથે એની તુલના જ ન થાય.

22 સાગરોપમ નરકના દુ:ખો સહન કર્યા લક્ષ્મણાના જીવે !

* * *

## ભવ – 5 કુતરી

ગૌતમ ! છટ્ઠી નારકમાંથી લક્ષ્મણોનો જીવ બહાર નીકળ્યો. અને કુતરી તરીકે ઉત્પન્ન થયો. વાસનાઓ જાગી ઉંમરના કારણે અને પૂર્વભવના કારણે.....

કોઇ કુતરા સાથે મૈથુનસેવન કરવા લાગી એ કુતરી....

પણ ભેંસોના કસાઇએ એ કુતરીને જોઇ. કોઇ કારણ વિના બસ એમ જ એ કુતરીની યોનિ ઉપર શસ્ત્રથી ઘા કર્યો.

કુતરીએ ચીસો પાડી. ઉંડો ઘા પડ્યો, એ વકર્યો, કૂતરીની દવા તો કોણ કરે ? એ ઘામાં કીડાઓ પડ્યા. જૂના મરતા જાય અને નવા ઉત્પન્ન થતા જાય. મૈથુનનું સુખ અશક્ય બની ગયું એના માટે ! કેમ કે યોનિમાં જ ભંયકર ઘા અને કીડાઓ પડેલા હતા.

કેવા ભયાનક છે મૈથુનના વિચારો રૂપ પાપ ! અને પાપને છુપાવવાનું પાપ !

સાધ્વીજીવનમાં મૈથુનના વિચારો... બાપરે !

અરે, શુદ્ધ આલોચના કરી હોત તો તો હજી બચી જાત, પણ કરી માયા, કર્યુ કપટ ! માટે આ હાલત થઇ.

આવી જ પીડામાં, કીડાઓથી ખદબદ થતા, વકરેલા ઘાની દશામાં કુલ 10 વર્ષ ભયાનક વેદના સાથે પસાર કર્યા લક્ષ્મણાએ !

ફરિયાદ કોને કરે ? કઇ રીતે કરે ? કોણ સાંભળે ?

જો જો, ક્યારેક એ કીડાઓથી ખદબદતા ઘાવાળા કુતરા કે કુતરીને !

એમાં ય આ ઘા તો માથા પર નહિ, યોનિના ભાગે !

છેવટે કીડીઓએ એ આખો યોનિભાગ ખાઇ ખાઇને સાફ કરી નાંખ્યો.

અતિશય પીડા સાથે મૃત્યુ પામ્યો લક્ષ્મણાનો જીવ !

***

## ભવ-6 - વેશ્યા

કુતરી બની વેશ્યા !

નવા દુઃખો માટે નવા પાપો બાંધવાના નિમિત્તો મળ્યા.

મૈથુન સેવ્યા, બળજબરીનો ભોગ બની, અત્યાચારો સેવ્યા, વધારે પડતું મૈથુન શરીરને નિચોવી નાંખે, એટલે પછીથી મૈથુન પણ બની જાય એક તીવ્ર પીડા !

પોતે માતા બને, તો બાળકને કોણ સાચવે ? વેશ્યાનો ધંધો ખોરવાઇ જાય, એવા એવા વિચારોથી ગર્ભપાત પણ કરાવ્યા, કાચા ને કાચા ગર્ભો ટુકડા થઇને નીકળી ગયા.

મૈથનુના પાપમય સુખ,

બલાત્કાર, અત્યાચારના દુઃખ,

ગર્ભપાતરૂપ પંચેન્દ્રિય હત્યા !

સમય પસાર થતો ગયો.

વેશ્યા પાસે આવનારાઓ કોઇ પતિદેવ નથી કે એ વેશ્યા માટે લાગણી ધરાવે. તેઓ પૈસા આપીને વાસના પોષવા માટે એકાદ રાત વેશ્યા સાથે રહે છે. એટલે જ વેશ્યાની પરિસ્થિતિ જોયા વિના, પૈસા વસુલ કરવા, વાસના તૃપ્ત કરવા ભૂખ્યા વરુની જેમ તૂટી પડે છે, વેશ્યા પર ! અને વેશ્યા તો બિચારી શરીર સાથ ન આપે તો પણ પરાધીન બનીને બધું જ સહન કરે છે.

અનિચ્છાએ મૈથુન સેવન કરનાર, બલાત્કારનો ભોગ બનનાર સ્ત્રી સમજી શકે કે વેશ્યાની પીડા કેવી હશે ?

અંતે આ ભવ પણ પૂરો થયો.

***

## ભવ 7 થી 105 કાચો ગર્ભ

વેશ્યા મરીને ગર્ભમાં ઉત્પન્ન થઇ, અને નવ મહિના પહેલા જ ગર્ભમાં મરી. વળી પાછી ગર્ભમાં ... પણ હજી ગર્ભ કાચો જ હતો અને મરી ગઇ.

બસ, પછી તો પરંપરા ચાલી.

એક સાથે 99 ભવ પસાર થયા કાચા ગર્ભ તરીકેના જન્મ તથા મોતના !

કાં તો મા જ ગર્ભપાત કરાવી દે,

કાં તો એમ ને એમ ગર્ભ પડી જાય.

પણ એટલું Fix હતું કે લક્ષ્મણાએ કાચા ગર્ભ રૂપે મરવાનું હતું. વેશ્યાના ભવમાં બાળકનો જન્મ અટકાવવા માટે એણે જે ગર્ભપાત કરાવ્યા હશે, તેનું ફળ જ એને મળ્યું હશે.

મૈથુન પાપ હવે હિંસાના પાપને ઉત્પન્ન કરનારું બન્યું તો, લક્ષ્મણાનો જીવ પણ હવે ઘોર હિંસાનો ભોગ બનવા માંડ્યો.

***

## ભવ-106 મનુષ્ય- પશુપાલ

જન્મથી ભિખારી જેવા એક ગરીબને ત્યાં આ જીવે જન્મ લીધો.

હજી તો બે મહિના થયા અને માતા મરી ગઇ.

કોણ આ જીવને સ્તનપાન કરાવે ?

પિતાએ મહામુશ્કેલીથી એ કામ પાર પાડ્યું. ગામમાં જે બહેનોને સ્તનપાન કરનારા બાળકો હતા, એવી સ્ત્રીઓને વિનંતિ કરી કે 'મારા દીકરાની ઉંમર બે મહિના છે, મા મરી ગઇ છે. માતાના દૂધ વિના તો મરી જશે. મારા પર દયા કરો, તમારા સંતાનને દૂધ પીવડાવો જ છો, તો મારા દીકરાને પણ... ! મારા બચ્ચાને બચાવો.'

કોણ હા પાડે ? એમાં પણ ગરીબ બાપનું તો કોણ માને ?

છતાં બાપ દીકરાને લઇ ઘેર-ઘેર ભટક્યો. જેણે હા પાડી, એને ત્યાં સ્તનપાન કરાવ્યું.. આમ કરતા કરતા લક્ષ્મણાનો જીવ મોટો થયો.

પછી એ પિતાએ કોઇ ગોવાળને સોંપી દીધો એ બાળક !

ગોવાળે પોતાના કામમાં એને લગાડી દીધો. 'ગાયોનું દૂધ દોહવાનું....'

ગાયના વાછરડાઓ ગાયનું દૂધ તો પીએ જ ને ? એનાથી દૂધ ઓછું મળતું. તો આ લક્ષ્મણાજીએ વાછરડાઓને દૂધ પીવા ન દીધું. એમને બાંધી દેતો, અને બધું દૂધ દોહી લેતો. વાછરડાઓને ઘણું ઓછું દૂધ મળતું.

બિચારા એ પશુઓને અંતરાય કરવાનું એક નવું પાપ એના કપાળે લાગ્યું. આ પાપના પ્રતાપે લક્ષ્મણાજીવને એ પછીના કરોડો કરોડો ભવો સુધી કોઇપણ ભવમાં માતાનું દૂધ ન મળ્યું. એ પશુ, પંખી કે મનુષ્ય જે પણ ગતિમાં ગયો, એને માનું દૂધ પીવા ન મળ્યું. એમ ને એમ જ જીવ્યો કે મર્યો એ જીવ !

બંધન-મારપીટ તે કપાઈ જવું.... બસ એજ દુઃખો એ કરોડો કરોડો ભવોમાં સહન કર્યા એણે !

***

## કરોડો કરોડો + 107 ભવ - ડાકિની.

ઉત્પન્ન થયો એ જીવ માનવભવમાં ! પણ ડાકિની તરીકે !

અતિખરાબ લેશ્યાવાળી મનુષ્ય સ્ત્રીને લોકો ડાકણ કહે છે.

જે એના સંપર્કમાં આવે, એનું નખ્ખોદ જાય.

લોકો આવી સ્ત્રીને જીવવા જ ન દે.

ચંડાલોએ ભેગા મળીને એને બાંધી, અને શરીરમાં ખીલાઓ જડી દીધા.

ઇસુ ખ્રિસ્તની માફક ઘોરવેદના સહન કરીને મરી.

***

## કરોડો + કરોડો + 108 ભવ - છટ્ટીનારક

## કરોડો + કરોડો + 109 ભવ - મનુષ્યભવ

મનુષ્યભવ તો મળ્યો, પરંતુ શરીર અતિ ખરાબ ! દેખાવમાં પણ, અને દુર્ગંધથી પણ ! એ બિચારો નાના ગામોમાં, નગરોમાં, શહેરોમાં, પત્તનોમાં બધે જ ફર્યો... પણ કોઇ એને ત્યાં ઉભા રહેવા દેતું નથી. એક પ્રહર, અડધો પ્રહર તો દૂરની વાત 20-25 મિનિટ પણ નહિ.

બધા ધિક્કારે છે, કાઢે છે 'નીકળ અહીંથી ! નહિ આવવાનું અહીં ! ભા... ગંતે ! ગોબરો ! દુર્ગંધી !'

ગાળો સાંભળતો, ધક્કાઓ ખાતો છેવટે એ જંગલોમાં પહોંચ્યો. ત્યાં એને બહાર કાઢનાર કોઇ ન હતું. બિચારાએ જંગલોમાં જ સમય પસાર કર્યો.

ખાવાનું મળે નહિ.

પાંદડાઓ કે ઘાસ ખાઇને પશુની જેમ જીવવાનું.

હિંસક પશુ-પંખીઓનો ભયાનક ભય.

એકલો સામાન્ય પુરૂષ વેરાન જંગલોમાં દિવસની એક મિનિટ પણ ન વિતાવી શકે, તો આખી જીંદગી તો શી રીતે પસાર કરે ?

પણ શું કરે બિચારો ?

કોઇ એને બચાવનાર જ ન હતું ને !

ઘોર દુઃખો અનુભવ્યા એણે.......

ચીસો પાડી હશે એણે, પણ સાંભળનાર તો પશુ-પંખીઓ જ હતા. આખરે ભયાનક દુઃખોને ભોગવીને મોત પામ્યો એ જીવ !

✻✻✻

## + 110 ભવ – 7 નારકી

સાતમી નારકમાં જન્મ !

33 સાગરોપમનું આયુષ્ય....

આખા વિશ્વના સર્વોત્કૃષ્ટ દુઃખોની માતૃભૂમિ !

બસ, ચીસો પાડતો પાડતો સહન કરતો રહ્યો એ જીવ !

ક્યાં તીર્થંકર પરમાત્મા પાસે દીક્ષા લેનાર લક્ષ્મણાનો જીવ !

ક્યાં આ ભવોભવના ભ્રમણમાં ઘોર દુઃખ વેઠનાર લક્ષ્મણાનો જીવ !

યાદ રાખજો, કેવી નાની ભૂલો, કેવા મોટા ફળ !

છેવટે એ વિરાટ આયુષ્ય પણ પૂર્ણ થયું અને ત્યાં જીવ મરણ પામ્યો.

જાણે કે એ મૃત્યુ એના માટે મહોત્સવ બની ગયું.

મહાદુઃખમાંથી છટકવા મળ્યું ને ?

* * *

## +111 ભવ – વન્ધ્યા ગાય

બળદની કિંમત ખેતરમાં ખેતી કરવા માટે છે.

ગાયની કિંમત દૂધ આપવા માટે છે.

પણ આ જીવ તો વન્ધ્યા ગાય બન્યો.

ગાય બચ્ચાને જન્મ આપે, એ પછી જ દૂધ આપે.

જો જન્મ ન આપે, તો એ વન્ધ્યા કહેવાય. એ દૂધ ન આપે. આવી ગાયની કોઇ કિંમત નહિ.

હા ! એનું માંસ ખાવા મળે, એટલી એની કિંમત ખરી.

ભાગ્ય એટલું એનું કે કોઇએ એને માંસ માટે ન મારી.

પણ આવી ગાયને સાચવે કોણ ?

રઝળતી, ધણી વિનાની એ ગાય તો ગમે ત્યાં ભટકવા લાગી. કોઇના ખેતરોમાં ઘુસીને ઉગેલો પાક ખાઇ લેતી.

પોતાના પગથી પાકનો કચ્ચરઘાણ કાઢી નાંખતી.

લોકો આખરે કેટલું નુકસાન સહન કરે ?

બધાએ એક પ્લાન બનાવ્યો.

એ ગાયને ફસાવી. અને એવા કાદવ-કીચડમાં ફસાવી કે જેમાંથી એ બહાર નીકળી જ ન શકે. નીકળવા માટે જેટલી મહેનત કરે, એટલી વધુ ને વધુ ફસાય.

લોકોને તો શાંતિ થઇ, પણ એ કીચડમાં ફસાયેલી ગાય માટે તો જાણે મોટી કેદ થઇ ગઇ.

'દુકાળમાં અધિકમાસ' એ ન્યાય પ્રમાણે એ કાદવ-કીચડમાં ચિક્કાર પ્રમાણમાં 'જળો' નામના જંતુઓ હતા. માનવી કે પશુઓના શરીરમાંથી લોહી ચૂસી ચૂસીને પી લેવાનું કામ એ જળો કરે. આ નાના નાના જંતુઓ મોટા મોટા પશુઓને આ રીતે મારી નાંખે.

આજે બ્લડટેસ્ટીંગ માટે ઇંજેકશન દ્વારા બ્લડ લેવામાં આવે છે, પહેલાના જમાનામાં વૈદ્યો બિમાર માણસના લોહીને ચેક કરવા માટે આ 'જળો'નો જ ઉપયોગ કરતા.

પણ આ તો હજારો-લાખોની સંખ્યામાં જળો !

તૂટી પડી આ ગાય પર ! લોહી ચૂસવા લાગી.

કીચડમાં ફસાયેલી ગાય ધમપછાડા તો કરે છે બચવા માટેના ! પણ હલી શકતી નથી. એમાં વળી આકાશમાંથી કાગડાઓએ આ ફસાયેલી ગાયને જોઇ લીધી.

'કાકા' કરીને કાગડાની જમાત ભેગી કરી દીધી.

એ બધા માટે તો મોટો જમણવાર આવી પડ્યો.

તૂટી પડ્યા બધા એ ગાય પર !

ચાંચ મારી મારીને એનું માંસ ખાવા લાગ્યા.

કેટલાક કાગડાઓએ વળી આંખોમાં ય ચાંચ મારીને ગાયને આંધળી બનાવી દીધી. અસહાય ! અનાથ ! બસ, મુંગી મુંગી વેદના સહેતી રહી. છેલ્લે તો ચીસ પાડવાની પણ તાકાત ન રહી એનામાં !

કાગડાઓની પાછળ ગીધડાઓ, સમડીઓ... બધાએ મિજબાની ઉડાવી.

અતિક્રોધમાં આવી ગઇ ગાય !

*'મારી નાંખુ આ કાગડા-ગીધડા-સમડીઓને !'* શરીરને ધુણાવીને એ બધાને ઉડાડવાની મહેનત કરી એણે ! પણ  બધા આવો મોકો ક્યાંથી ચૂકે ? અને એ બધાને પણ ખબર છે કે આ બિચારી ફસાયેલી ગાય કશું કરી શકવાની નથી. આવા તો કેટલાય પશુઓના માંસ ચૂંથી નાંખ્યા છે....

ક્રોધમાં ને ક્રોધમાં ગાયનું મરણ થયું.

* * *

## +112 ભવ - દ્રષ્ટિવિષ સાપ

જ્યાં પાણી નહિ, જ્યાં અનાજ નહિ, એવા જંગલમાં મારવાડમાં એ જીવે જન્મ લીધો.

હવે એ સાધ્વીજીનો જીવ બન્યો દ્રષ્ટિવિષ સાપ !

કેટલાયને સળગાવ્યા પોતાની આંખોની આગ દ્વારા !

ગાયના ભવમાં અંતે ભયાનક ક્રોધ કરેલો, એટલે આ ભવ મળ્યો. ક્રોધનું ફળ બધાને બતાવી શકે એવી શક્તિ મળી.

પણ છેવટે તો એ ફળ પોતાને ખુદને પણ મળવાનું જ.. એનું એને ક્યાં ભાન હતું ?

આયુ: પૂર્ણ થયું અને મૃત્યુ પામ્યો એ સાપ !

[સૂર્યના કિરણો જે સાપની આંખમાં પડે, અને સાપ આંખ દ્વારા આગ ફેંકીને સામેવાળાને બાળી શકે એ સાપને દ્રષ્ટિવિષ સર્પ કહે છે.]

***

## +113 ભવ - નારકી

એ સાપનો જીવ મરીને પાંચમી નારકમાં ઉત્પન્ન થયો.

હે ગૌતમ ! કેટલું વર્ણન કરું ?

મનુષ્ય-તિર્યંચ- નારક - ચારેય ગતિમાં એ લક્ષ્મણાનો જીવ ભમશે. એમાંય જો મનુષ્ય બનશે, તો ખરાબ કક્ષાનો જ માનવ બનશે.

ગરીબ-કદરૂપો-નીચ...... લગભગ બધુ જ ખરાબ !

એના આ વિરાટ સંસારભ્રમણમાં એ એટલા બધા ઘોર દુ:ખો સહન કરશે કે એનું વર્ણન કરવું ય અઘરું છે.

***

## અંતિમ ભવ: કુબ્જા છોકરી

**ગૌતમસ્વામી:** તો પ્રભુ ! શું એનો મોક્ષ થશે ?

ક્યારે થશે ? કઇ રીતે થશે ?

**પ્રભુ:** સાંભળ, હજી તો એ સંસારમાં ભટકે જ છે. 80 ચોવીસી પસાર થઇ ગઇ છે. એટલે કે 80 કોટાકોટિ સાગરોપમ જેટલો વિશાળ કાળ એ ભટકી ચૂકી છે. પણ હવે એનો મોક્ષ નજીકમાં છે.

આ અવસર્પિણી પૂરી થશે, પછી નવી ઉત્સર્પિણી ચાલુ થશે. એમાં પણ 24 તીર્થંકર થવાના છે. એમાં જે પ્રથમ તીર્થંકર પદ્મનાભ થવાના છે, એ શ્રેણિકરાજાનો જ જીવ છે.

એ સમય દરમ્યાન આ લક્ષ્મણાનો જીવ જન્મ લેશે.

પણ એ હશે કુબ્જા! શરીર આખું વળી ગયેલું !

સાવ કદરૂપી ! એમાં વળી એનું દૌર્ભાગ્ય એટલું બધું ખરાબ હશે કે એની માતાને પણ એને જોઇને ત્રાસ થશે. એ નજર સામે આવે અને ઉદ્વેગ થશે. તો બીજા બધાની તો વાત ક્યાં કરવી ?

પરિવારમાં, સ્વજનોમાં, ગામમાં બધે જ એ બિચારી ધિક્કાર-તિરસ્કાર-મશ્કરી-ઉપેક્ષા જ પામશે.

છેવટે એની મા સાથે આખું ગામ નિર્ણય લેશે કે 'આ છોકરીને જોઇને બધાનું મન બગડે છે. ત્રાસ ત્રાસ લાગે છે. તો આવી છોકરીને શા માટે આપણા ગામમાં રાખવી ? કાઢી મૂકો.'

સગી માએ, સગા બાપે આ નિર્ણયમાં સંમતિ આપી.

જીવનો પાપોદય થાય, ત્યારે સગાઓ સગા રહેતા જ નથી.

છેવટે આખું ગામ ભેગું થશે.

(1) મેસનો કાજળનો લેપ તૈયાર કરી એના મોઢા પર, શરીર પર એ મેસના લપેડા કરવામાં આવશે.

(2) ગધેડા ઉપર એને બેસાડવામાં આવશે.

(3) આખા ગામમાં એને ભમાવવામાં આવશે.

(4) ચારે બાજુ જોર જોરથી ઢોલ વગાડવામાં આવશે.

(5) એ રડશે, ધ્રુસકે ધ્રુસકે રડશે.... પણ કોને કહે ?

નજર કરશે મા-બાપ સામે, પણ તેઓ તરફથી પણ ધિક્કાર જ મળશે.

*'કોઇ ભૂલ નહિ મારી, મેં કંઇ ખરાબ કર્યું નથી, છતાં કેમ આ બધા મને આટલો બધો ત્રાસ આપે છે ?. શું વાંક છે મારો ?'* એવા વિચારો એને આવશે, પણ કોણ એને લક્ષ્મણા સાધ્વીજીના જીવનમાં થયેલી ભૂલથી ઉત્પન્ન થયેલી આ ભવપરંપરા સમજાવે ?

મા-બાપ હોવા છતાં અનાથ બનશે એ....

ધક્કા મારીને ગામથી બહાર કાઢવામાં આવેલી એ છોકરી બીજાગામમાં જશે, પણ ત્યાં ય એનો બહારનો કુબ્જ દેદાર અને એ કરતા ય એનો દૌર્ભાગ્યોદય... આ બેના પ્રતાપે કોઇને કરુણા નહિ જાગે એના ઉપર... એ ગામમાં ઘુસવા ય નહિ દે.

બિચારી ભૂખી-તરસી એ છોકરી ગામોગામ ફરશે, પણ ગામના પાદરેથી જ ગાળો ખાઇને, પથરાઓ ખાઇને રવાના થશે.

હડકાયેલી કુતરીને લોકો કેવી ધુત્કારે ? એવી હડકાયેલી કુતરી જેવી હાલત થશે એ બિચારીની, છોકરીની, લક્ષ્મણાના જીવની !

છેવટે કંદમૂળ, ફલ, પાંદડા વગેરે ખાઇને, જંગલમાં જીવશે એ બિચારી ! અને જીંદગી પસાર કરશે.

એમાં એક વાર....

રાત્રે એ જંગલમાં આરામ કરતી હશે, ત્યારે એક છછુંદર [= નાનો ઉંદર] એની નાભિના બરાબર મધ્યભાગમાં બચકું ભરશે... એના દ્વારા એના શરીરમાં એવું ઝેર ફેલાશે કે એના શરીરની અંદર જ નાના નાના છછુંદરો ઉત્પન્ન થશે, અને શરીરની અંદર દોડાદોડ કરશે. પોતાના દાંત વડે શરીરને અંદરથી જ બચકા ભરશે.

પેટમાં જેમ કૃમિ થાય, મસ્તકના વાળમાં જેમ જૂ થાય, ચામડીમાં જેમ સાવા નામની જીવાતો થાય... એમ આને તો આખું શરીર છછુંદરોથી ભરાઇ જશે.

ગૌતમ ! વિચાર કરજે,

એક કીડીનો બહારથી ચટકો,

એક મચ્છરનો બહારથી ચટકો....

કેવી વેદના આપે છે.

તો શરીરની અંદર જ છછુંદરો ઉત્પન્ન થાય, અંદરના ભાગથી જ બચકા ભરે આખા શરીરમાં.... તો એની વેદના કેવી હોય ? કેટલી બધી હોય ?

પાછી એ જ દુનિયા ! ચીસો, ત્રાસ, 'બચાવો'ની બૂમાબૂમ, અસહાયતા.

અહીં કોઇ સ્વજન નથી, કોઇ વૈદ્ય નથી, કોઇ આશ્વાસન દેનાર નથી.

બસ, હદ આવી ગઇ એના કર્મોની !

વિધાતા હવે એને વધુ પરેશાન નહિ કરે.

એ જગ્યાએ પદ્મનાભ તીર્થંકર પહોંચશે,

એમનું સમવસરણ મંડાશે....

આકાશમાં દેવદુંદુભિઓ વાગશે....

લક્ષ્મણાનો જીવ, કુબ્જા છોકરીનો જીવ, ઉંદરોથી પરેશાન થતી છોકરીનો જીવ પદ્મનાભસ્વામીના દર્શન કરશે.

માત્ર એ જ શું કામ ? બીજા પણ ઘણા બધા જીવો પ્રભુના દર્શન કરશે

તીર્થંકરનો પ્રચંડ પ્રભાવ અને લક્ષ્મણાજીવની તમામ પીડા શાંત થઇ જશે. પરમશાતાનો અનુભવ પ્રાપ્ત કરશે એ ! ઉંદરોનો રોગ દૂર થઇ જશે, કુબ્જપણું દૂર થઇ જશે. શરીર સીધે સીધું બની જશે.

સમવસરણમાં બેસશે એ છોકરી...

દેશના સાંભળશે એ છોકરી...

પોતાનો ભયાનક ભૂતકાળ જાણશે એ છોકરી...

લક્ષ્મણાસાધ્વીજીના જીવનમાં કરેલી ભૂલનું ભાન પામશે એ છોકરી..

વૈરાગ્ય પામશે એ છોકરી...

પદ્મનાભ તીર્થંકરના હાથે રજોહરણ પામશે એ છોકરી...

ઘોરાતિઘોર આરાધના કરશે એ નૂતનસાધ્વીજી !

ચાર ઘાતિકર્મોનો ક્ષય કરશે એ નૂતનસાધ્વીજી !

છેલ્લે ચાર અઘાતિકર્મોનો પણ ક્ષય કરીને મોક્ષ પામશે લક્ષ્મણાનો જીવ !

***

ગૌતમ ! હવે તને સમજાઇ ગયું હશે કે

- લક્ષ્મણાસાધ્વીજીમાં અગીતાર્થતાનો + ગીતાર્થ-સમર્પણ ન હોવાનો દોષ હતો.
- એટલે એ સત્ય હકીકત ન સમજી શકી, પોતાનો દોષ છુપાવી બેઠી.
- મનના પાપોને છુપાવવા રૂપી જે પાપ એણે કર્યું, એ ભલે નાનું, છતાં એના કારણે અનંતદુ:ખોની પરંપરા એના જીવે ભોગવવી પડી.

એટલે જ

દરેક આત્માએ શાસ્ત્રોનો અભ્યાસ કરીને ગીતાર્થ બનવું જોઇએ. અને જ્યાં સુધી સ્વયં ગીતાર્થ ન બને, ત્યાં સુધી ગીતાર્થને સંપૂર્ણ સમર્પિત રહેવું જોઇએ.

અરે, સ્વયં ગીતાર્થ બની ગયા બાદ પણ ગીતાર્થને સમર્પિત રહેવું.... એમાં લાભ જ છે, નુકશાન નથી.

અજ્ઞાન ભયંકર દુશ્મન છે. એના કારણે વિવેક ન પ્રગટે, એના કારણે આવી બધી ભૂલો થઇ જાય, જે જીવને દીર્ઘસંસારી બનાવી દે....

***

# જિજ્ઞાસા અને સમાધાન

શ્રી **મહાનિશીથ** આગમના **છટ્ઠા** અધ્યયનમાં દર્શાવવામાં આવેલી આ ઘટનાને લોક ભોગ્ય સરળ ભાષામાં અહીં રજુ કરી. સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા દરેકને સ્પર્શ કરે એવી આ ઘટના છે. આ વાંચ્યા કે સાંભળ્યા પછી ઉત્તમજીવોને પાપોની આલોચન કરવાનું મન થઇ જ જાય એવી આ ઘટના છે. પણ જેઓ મધ્યમ કે જઘન્યકક્ષાના જીવો છે, તેઓ હજીપણ આમાંથી નાના-મોટા રસ્તા કાઢવાની મહેનત કરશે. એ રસ્તા એવા હશે કે જેના દ્વારા એમણે પોતાના સૂક્ષ્મ પાપોની આલોચના કરવી જ ન પડે, અને છતાં, એમના મનને મિથ્યા સંતોષ મળી રહે કે *'અમારી હાલત લક્ષ્મણા જેવી નહિ થાય'*.

જે રીતે લક્ષ્મણાએ પોતાના જ કુતર્કો દ્વારા પોતાની જાતને ઠગી, એ રીતે આ જીવોમાં પણ સંભવિત છે.

આવું ન બને, એ માટે આ જિજ્ઞાસા- સમાધાન વિભાગ છે.

વળી કેટલાક પદાર્થોની સ્પષ્ટતા કરવી પણ જરૂરી છે, એ માટે આ વિભાગ છે.

## (૧) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:** લક્ષ્મણાનો આટલો બધો ભયાનક સંસાર વધ્યો,

એનું કારણ શું ?

એણે ચકલા-ચકલીના મૈથુનની અનુમોદના કરી તે ?

**સમાધાન:** એ અનુમોદન પાપ તો છે જ, પરંતુ એમાંથી આવો ભયાનક સંસાર વધ્યો એમ કહેવું વધારે પડતું છે. મનના પાપો તો થઇ જાય., જીવ બિચારો કર્મવશ છે, સંસ્કારવશ છે.. મન ઝડપી છે...

**નંદિષેણ** જેવાએ તો બીજાના મૈથુનની માત્ર અનુમોદના નહિ, સ્વયં દીક્ષા છોડીને બાર વર્ષ સુધી વેશ્યાગમનના પાપો કર્યા છે. છતાં છેલ્લે પશ્ચાત્તાપ, આલોચના, પુનઃદીક્ષા, આરાધનાના પ્રભાવે સ્વર્ગમાં, મોક્ષમાં જવાના જ છે.

**મેઘકુમારે** દીક્ષા છોડી દેવા સુધીના વિચારો કર્યા છે. પરંતુ એનો સંસાર નથી વધ્યો.

**અષાઢાભૂતિએ** દીક્ષા છોડી, નટડીઓ સાથે સંસાર માંડ્યો, પણ એજ ભવમાં કેવલજ્ઞાન છે.

આવડા મોટા પાપવાળાઓને પણ અલ્પ સમયમાં મોક્ષ મળ્યો છે. તો લક્ષ્મણાને આવડા નાના પાપમાં આટલો બધો દીર્ઘ ભયાનક સંસાર શી રીતે વધે ?

છતાં વધ્યો, એનું કારણ છે માયા-કપટ !

પોતાનું મનનું પાપ તો નાનું જ છે,

પણ મનના પાપને છુપાવવું, એ પાપ ઘણું ઘણું ઘણું મોટું છે.

આત્મામાં `હું મહાન` અહંકાર પડ્યો હોય,

આત્મામાં પોતાના યશ-કીર્તિ-પ્રતિષ્ઠાનો લોભ પડ્યો હોય, ત્યારે જ આત્મામાં આવી માયા પ્રગટે છે.

એટલે એમ સ્પષ્ટ માની શકાય કે,

લક્ષ્મણાનો જે સંસાર વધ્યો, એનું મુખ્ય કારણ છે 'પોતાના નાના પણ પાપને એણે.... છુપાવ્યું...' તે અલગ કરો. આ છુપાવવું એ જ મોટું પાપ !

**ત્રિષષ્ઠિ શલાકા** પુરુષચરિત્રમાં પ્રભુવીરચરિત્રના વર્ણનમાં જોશો, તો ધ્યાનમાં આવશે કે `મરિચિના ભવમાં ઉત્સૂત્રપ્રરૂપણા નામનું મોટું પાપ કર્યું...

વિશ્વભૂતિના ભવમાં *'વિશાખાનન્દીને મારી નાંખનાર મહાપરાક્રમી બનું'* એવું નિયાણું કરવાનું મોટું પાપ કર્યું....

પણ આ બે પાપોએ એનો સંસાર નથી વધાર્યો. પરંતુ એ બંને વખતે એ પાપોની આલોચના નથી કરી, ગુરુ પાસે જઇ પશ્ચાત્તાપપૂર્વક પાપનો સ્વીકાર નથી કર્યો, માટે એમનો સંસાર વધ્યો છે.

**જોઇ લો પાઠ :**

**મરિચિસ્તદનાલોચ્ય વિહિતાનશનો મૃતઃ । ।।7।।**

મરિચિએ અંતમાં અનશન કર્યું, પરંતુ ઉત્સૂત્રપ્રરૂપણા નામના પાપની આલોચના ન કરી અને એ મરી ગયો.

**सम्पूर्य कोटिवर्षायुरनालोच्य च तन्मृतः ।।7।।**

કરોડવર્ષનું આયુઃ પૂર્ણ કરીને, પોતાના નિયાણાના પાપની આલોચના કર્યા વિના વિશ્વભૂતિમુનિ મૃત્યુ પામ્યા.

કલિકાલસર્વજ્ઞશ્રીના **'अनालोच्य'** શબ્દ ઉપરના ભારથી એમ લાગે છે કે પાપ નાનું હોય કે મોટું એની જો આલોચના કરવામાં ન આવે, તો એ જ મોટું પાપ ! પાપ નાનું હોય કે મોટું, એની જો આલોચના કરવામાં આવે, તો એ જ મહાન પુણ્ય !

બસ, આટલું ધ્યાનમાં લેવું.

## (૨) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:** વર્તમાનમાં જે પણ સાધુ-સાધ્વીજીઓ છે, તેઓને પણ અશુભ વિચારો તો આવતા હશે. કેમ કે એ કાળની અપેક્ષાએ તો આ કાળમાં ઘણા વધારે ખરાબ નિમિત્તો છે.

તો શું એ બધાનો પણ આવો જ ભયાનક સંસાર થશે ?

**સમાધાન :** જો પોતાના એ નાના-મોટા પાપોની પશ્ચાત્તાપપૂર્વક આલોચના કરી લે, તો તેઓ આરાધક જ બને. નાના-મોટા પાપથી જે પાપ બાંધ્યું હોય, એના કરતા અનંતગુણ પાપને તેઓ પોતાની આલોચનાના પ્રભાવે ખતમ કરી નાંખે.

## (૩) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:** અને પશ્ચાત્તાપ + આલોચના ન કરે તો ?

**સમાધાન:** તો દીર્ઘ ભયાનક સંસાર વધવાની શક્યતા રહે.

પણ આમાં એ વિચારવું પડે કે શા માટે તેઓ પશ્ચાત્તાપ + આલોચના નથી કરતા ?

ધારો કે આજના કોઇ સાધ્વીજીને લક્ષ્મણા જેવા કે એના કરતા પણ વધારે ખરાબ વિચાર આવ્યા, અને એમણે આલોચના ન કરી, તો આમ તો એ લક્ષ્મણા જેવા જ બની ગયા.. છતાં મોટા ફરક છે.

આપણે Note કરીએ.

(1) લક્ષ્મણાને તો પ્રભુએ, વડીલોએ પહેલેથી સમજાવ્યું જ હશે કે 'જે કોઇપણ મન-વચન-કાયા ના પાપો થઇ જાય, એની આલોચના એકદમ સરળ મનથી સદ્ગુરુ પાસે લેવી.'

આમ લક્ષ્મણાને તો એ ભાન હતું જ કે *'મારે આવા મનના પાપની પણ આલોચના કરવાની જ હોય'*. માટે જ તો એમને મનનું પાપ થઇ ગયા બાદ સૌપ્રથમ તો આલોચના કરવાનો જ વિચાર આવ્યો ને ?

આજે તો ઘણા સંયમીઓને આવી ખબર જ નથી હોતી કે 'પાપોની આલોચના કરવાની હોય. પ્રતિક્રમણમાં પ્રાકૃતભાષાનું આલોચનાસૂત્ર બોલવા માત્રથી ન ચાલે. પોતાનું સ્પેશ્યલ પાપ સ્પેશ્યલ જઇને ગુરુને જણાવવું પડે.'

હવે આવી ખબર જ ન હોય, તો તેઓને આલોચના કરવાનો વિચાર જ ન આવે. એમાં એમનો ઘણો મોટો દોષ ન ગણાય. એમાં એમણે માયા કરેલી ન કહેવાય. અજ્ઞાન કહેવાય, પણ એ દોષ માયાની અપેક્ષાએ નાનો છે. તો એમને એટલું ખરાબ ફળ ન પણ મળે.

(2) લક્ષ્મણાને સમજાવનાર તો તીર્થંકર હશે. એમણે તો એમની દેશનાઓ સાંભળી જ હોય ને ! અને એના ગુરુણી પણ મહાજ્ઞાની હશે. એટલે એને એ બાબતનું તો ઘણું વધારે જ્ઞાન હોય કે 'આલોચના કેટલી બધી જરૂરી, ન કરે તો શું નુકશાન !' અને આવું વિશિષ્ટજ્ઞાન હોવા છતાં જો એ આલોચના ન કરે, તો માનવું પડે કે એ વખતે એના પરિણામો કેટલા વધારે અશુભ હશે ?

આતંકવાદીઓ સામાન્ય પ્રજાને મારે, હવાલદારને મારે, ઇન્સપેક્ટરને મારે, આર્મીને મારે, એમાં ફરક ઘણો છે. આર્મી ઘણી સક્ષમ ગણાય, એને જે મારી શકે, એ તો કેટલો વધારે સક્ષમ હોય ?

તો લક્ષ્મણા પાસે જે સમ્યગ્ જ્ઞાન છે, એ આર્મી જેવું છે. એને જે દબાવે, હરાવે, મારે એ અશુભભાવ રૂપ આતકવાદી કેટલો બધો સક્ષમ હશે ને ? એટલે કે લક્ષ્મણાનો અશુભ અધ્યવસાય ઘણો વધારે ખરાબ છે, માટે એનો દીર્ઘ ભયાનક સંસાર થાય.

અત્યારે મારા જેવા કોઇ સામાન્ય સાધુ બીજાઓને આલોચના બાબતનું સાચું જ્ઞાન આપે, તો પણ મારી શક્તિ કેટલી ? મેં આપેલું જ્ઞાન કેવું ? વધુમાં વધુ હવાલદાર જેટલું ? એને દબાવવા માટે, હરાવવા માટે બહુ મોટા આતંકવાદીની જરૂર ન પડે ? એ તો સામાન્ય આતંકવાદી પણ દબાવી - હરાવી શકે.

એટલે આજના સાધ્વીજી પાસે ધારો કે મારા જેવાઓ પાસેથી મળેલું સમ્યગ્ જ્ઞાન હોય, અને છતાં એ આલોચના ન કરે, તો પણ એમનો આલોચના ન કરવારૂપ પ્રમાદભાવ કે માયાભાવ એટલો બધો તીવ્ર હોય, એવું શક્ય નથી. અને માટે જ એમને લક્ષ્મણા જેવું ફળ ન પણ મળે.

એક વાત તો પાકી સમજી લો...

જે કંઇપણ ફળ મળે છે, એ અધ્યવસાયને આધારે જ મળે છે.

**'पारिणामियं पमाणं'** એ **ઓઘનિર્યુક્તિવચન** ભૂલવા જેવું નથી.

એટલે લક્ષ્મણાને કે કોઇને પણ ફળ મળશે, તો અધ્યવસાયને આધારે જ ! એટલે આપણે દરેક જગ્યાએ એ શોધવાનું કે આ જીવનો અધ્યવસાય કેટલો તીવ્ર કે કેટલો મંદ ? એના આધારે બધો નિર્ણય થાય.

આજે કેનેડાની સાવ નબળી ક્રિકેટ ટીમ 100 રન કરે, એની સામે અફઘાનિસ્તાન જેવી ટીમ 101 રન કરીને જીતી જાય, તો વિજય ભલે અફ.નો થયો, પણ એટલા માત્રથી એ ટીમ મહાન સાબિત નથી થતી. એ કોને હરાવે છે ? કેટલો સ્કોર કરે છે ? એના ઉપર આધાર છે.

આફ્રિકાએ 350 રન કર્યા હોય અને ભારત 351 રને કરે તો ચોક્કસ કહેવાય કે ભારત મહાન ! કેમ કે મોટી ટીમ સામે મોટો સ્કોર કર્યો.

લક્ષ્મણાના આત્મામાં બે ટીમ છે. એક છે સમ્યગ્ જ્ઞાન નામની ટીમ ! બીજી છે માયા-કપટ નામની ટીમ !

સમ્યગ્ જ્ઞાન નામની ટીમ તો પ્રભુની ટીમ છે. જોરદાર !

પણ એને પણ હરાવી દીધી માયા-કપટ ટીમે !

એટલે માનવું જ પડે કે ત્યાં માયા-કપટ ટીમ ઘણી જ જોરદાર હતી. માટે જ આવા અતિજોરદાર અશુભભાવને કારણે લક્ષ્મણાનો દીર્ઘ-ભયાનક સંસાર થયો.

આજના સાધ્વીજીના આત્મામાં જે સમ્યગ્ જ્ઞાન નામની ટીમ છે, એ તો મારા જેવા સાધુની ટીમ છે, એટલે કે કેનેડાની ટીમ ! એટલે ધારો કે એ સાધ્વીજીના માયા-કપટ જીતી પણ જાય, તો ય એ અફઘા.ની ટીમ ! એણે 101 રન જ કર્યા.....

**સાર :** લક્ષ્મણાના માયા-કપટ 351 રન કરવા જેવા છે.

વર્તમાન સાધ્વીજીના માયા-કપટ 101 રન કરવા જેવા છે.....

તો બંનેને ફળ તો મળશે, પણ અલગ અલગ પ્રકારનું !

હા ! એ જમાનામાં પણ કોઇને 50 રન જેવા જ અધ્યસાય હોય, તો એમને ઓછું ફળ મળવાનું.

અને આ કાળમાં પણ કોઇને 400 રન જેવા અધ્યવસાય હોય, તો એને લક્ષ્મણા કરતા પણ વધારે ભયાનક ફળ મળવાનું.

(3) સંઘયનના આધારે ભાવોમાં તીવ્રતા -મંદતા આવે. લક્ષ્મણાને પ્રથમ સંઘયણ છે, તો એને તીવ્ર અશુભભાવ આવી શકે. વર્તમાન સંયમીને છઠ્ઠું સંઘયણ છે, તો એમને અશુભ ભાવ એટલા તીવ્ર ન આવે.

લક્ષ્મણા માટે બંને શક્યતા હતી મોક્ષ અને સાતમી નારક...

વર્તમાનસાધ્વીજી માટે ચોથો દેવલોક અને બીજી નારક...

આ બધો તફાવત સંઘણના કારણે પણ હોય છે.

(4) લક્ષ્મણાએ માયા-કપટ આચર્યા છે. વર્તમાનસાધ્વીજી પ્રમાદાદિને કારણે એ આલોચના ન કરે, એવું પણ બને. એમાં પાપ છુપાવવાનો ભાવ ન હોય, પરંતુ ઉપેક્ષા હોય. '*ચાલે એ તો*' એવો ભાવ હોય.

સંયમીઓ પોતાના દોષોની નોંધ નથી કરતા, એ શું છે ?

બધાને માયા થોડી છે, પણ પ્રમાદ પડેલો છે...

માયા-કપટ મોટો દોષ છે, પ્રમાદ અપેક્ષાએ નાનો દોષ છે.

ઘણી બધી રીતે વિચારવું પડે.

એટલે આલોચના નહિ કરનાર બધાને એક સરખું ફળ નથી જ, જેના જેવા અધ્યવસાય, તેવું ફળ !

## (૪) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા** : તો પછી આપણે શું કામ ગભરાવાનું ? આપણે આલોચના નહિ કરીએ, તો ય આપણને આવું ફળ તો નહિ જ મળે.

**સમાધાન** : તને એટલું જ પૂછું કે એકવાર માની લઇએ કે 'આલોચના નહિ કરીએ, તોય કંઇ મોટું નુકસાન નથી થવાનું'. પણ આલોચના કરીએ તો વાંધો શું ? એમાં નુકશાન તો છે જ નહિ, ફાયદો જ છે ને ? તો પછી તું આલોચના કરી લે ને !

**જિજ્ઞાસા:** પણ શા માટે કરું ?

**સમાધાન** : શા માટે નથી કરતો ?

## (૫) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા** : મારું ખરાબ લાગે... મનમાં તો જાત જાતના વિચાર આવતા હોય છે. એ બધા શી રીતે ગુરુને કહેવાય ? શરમ આવે.

**સમાધાન** : અચ્છા ! આનો મતલબ એ કે તારું ખરાબ ન દેખાય, એ માટે તું આલોચના નથી કરતો, એમ ને ! આ તો માયા જ થઇ ને ? પાછો લોભ + અહંકાર તો છે જ. તો તો તને લક્ષ્મણા જેવું જ ફળ મળશે... તું લક્ષ્મણા જેવો જ થઇ ગયો.

## (૭) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા** : પાપ છુપાવવાનો ભાવ નથી, પણ કંટાળો આવે... નાના નાના પાપો તો કેટલાય થતા હોય, કેટલા કહેવાના ?

**સમાધાન** : તારા આ શબ્દોમાં પાપોનો ભય, પાપોથી બચવાનો પરિણામ નથી દેખાતો, ઉપેક્ષા, નિષ્ઠુરતા દેખાય છે. આવો અધ્યવસાય પણ લક્ષ્મણા જેવું જ ફળ આપે. કદાચ વધારે પણ આપે, કેમ કે નિષ્ઠુરતા તો વધારે ભયંકર છે.

વળી, 'કેટલા પાપ કહેવા ?' એવો તું પ્રશ્ન પૂછે છે, તો એનો

જવાબ એ જ કે તું રોજ ગોચરી વાપરવા માટે એક કલાકનો સમય કાઢે છે. સૂત્રો ગોખવા માટે કે સ્વાધ્યાય કરવા માટે કલાકો નીકળી જાય છે. શ્રાવકો સાથે વાતોચીતોમાં કે અંદરો અંદર હસાહસીમાં પણ ઘણો બધો સમય નીકળે જ છે.

તો શું આખા દિવસના પાપોને નોંધવા માટે સાંજે માત્ર 15 મિનિટ ન મળે ? એટલા ટાઇમમાં જેટલું યાદ આવે, એટલું નોંધી ન શકાય ? ક્યારેય આપણે બે ટાઇમના પ્રતિક્રમણ છોડ્યા છે ? નહિ ને ? તો પછી આને પણ આવશ્યક કાર્ય રૂપે કેમ ન રાખી શકાય ?

પણ મહિનાઓ, કદાચ વર્ષો સુધી સ્વપાપોની આલોચના ન થાય, નોંધ ન થાય, એ તો ઘણી મોટી ઉપેક્ષા કહેવાય, નિષ્ઠુરતા કહેવાય.

માયાદોષ મારે, નિષ્ઠુરતાદોષ પણ મારે... વધારે પણ મારે...

## (૮) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** પણ અમારા જીવનમાં અત્યારે જે દોષ ચાલુ છે, એની આલોચનાદિ લીધા બાદ પણ એ જ દોષ ચાલુ જ રહે છે.

એ જ ક્રોધ, એ જ વિકારો, એ જ ઇર્ષ્યા, એ જ આસક્તિ, એ જ પ્રમાદ, એ જ નિંદા... હવે જો દોષો મરતા જ ન હોય, પાછા સેવાતા જ હોય, તો પશ્ચાત્તાપ- આલોચના કરવાનો મતલબ શું ? ફાયદો શું ?

**સમાધાન :** ધન્યવાદ છે તમારી બુદ્ધિને !

- ભૂખ્યો માણસ એમ વિચારે કે *'હું અત્યારે ભોજન કરીશ, તો ય મને પાંચ-દસ કલાક બાદ તો ભૂખ લાગવાની જ છે. વર્ષોથી આવું જ ચાલે છે. ખાવા છતાં વારંવાર ભૂખ ! તો હવે ખાવાનું જ બંધ !'*

  શું થાય ? થોડા દિવસમાં મરે ને ?

- તરસ્યો માણસ પાણી પીવા બાબતમાં આવું વિચારે તો ?

- વેપારી વિચારે કે *'પૈસા કમાઉં છું, પણ એ તો ખર્ચાઇ જાય છે. પાછો*

*કમાઉં છું. તો પાછા ખર્ચાય છે. તો હવે પૈસા કમાવા જ નથી.'* તો શું થાય ?

ભલે વારંવાર ભૂખ લાગે, તોય ભોજન કરો જ. તો જ વર્ષો સુધી જીવશો.

ભલે વારંવાર તરસ લાગે, તો ય પાણી પીઓ જ. તો જ વર્ષો સુધી જીવશો.

એમ જો વારંવાર પાપ થાય છે, તોય આલોચના કરતા જ રહો, તો એ પાપ કંટ્રોલમાં રહેશે, વધશે નહિ, ઘટશે, ખતમ થશે.

ભૂખ-તરસની બાબતમાં તો સ્પષ્ટ છે કે ભોજન -પાણી કરવા છતાંય થોડા સમય બાદ ભૂખ-તરસ આવવાના જ, આવવાના જ.

પણ આત્માના દોષોની બાબતમાં એવું નથી.

આત્માના દોષો ભૂખ-તરસ જેવા કાયમી નથી,

એ તો રોગ જેવા છે.

જો બરાબર દવા કરવામાં આવે, તો એ કાયમ માટે નાશ પામે એવા છે.

હા, અનાદિકાળના દોષો છે, એટલે કંઇ એકવાર આલોચના કરવાથી ખતમ ન થાય. વાર તો લાગે, પણ ધીરે ધીરે એ સંપૂર્ણ વિનાશ પામે.

T.B. જેવા રોગ હોય, તો એની વર્ષો સુધી દવા ચાલે, પથ્ય પાળવું પડે. એને સંપૂર્ણ મટતા વર્ષો લાગે. પરંતુ રોજ થોડા થોડા પ્રમાણમાં એ રોગ મટે જ છે.

એમ જ્યારે આપણે આલોચનાદિ કરીએ, ત્યારે એક ઝાટકે એ દોષો ખતમ ન થાય. આ તો અનાદિકાળના દોષો છે. એને ખતમ થતા વાર લાગે. પણ જેમ જેમ આલોચનાદિ કરતા રહીએ, તેમ તેમ

એ થોડા થોડા અંશે ઘટતા જાય. છેલ્લે એક દિવસ એવો આવે કે એ સંપૂર્ણ ઘટી જાય, ખતમ થઇ જાય.

એટલે ભલે એમ લાગે કે 'આલોચના કરવા છતાં ય પાપો તો ચાલુ જ છે, તો શું મતલબ આલોચના કરવાનો ?' પણ આ વિચાર કાઢી નાંખવો.

એ પાપો ભલે ચાલુ દેખાય, પણ એ ધીરે ધીરે ચોક્કસ ઘટી જ રહ્યા છે... અને એક દિવસ એ સંપૂર્ણ રીતે ખતમ થશે જ.

અનેક દૃષ્ટાન્તો આ માટે વિચારી શકાય.

- ઘણી જ ભૂખ લાગી છે, આપણે એક નાનો કોળીયો ખાધો. તો શું ભૂખ મટી જાય ? નહિ જ ને ! કેમ કે હજી તો એક જ કોળીયો ખાધો છે. પણ ધારો કે કુલ 50 કોળીયા ખાઇએ, ત્યારે આપણું પેટ સંપૂર્ણ ભરાઇ જતું હોય, તો એનો અર્થ એવો થયો કે 1કોળીયાએ 2% ભૂખ તો ઓછી કરી જ છે. એમ બીજા કોળીયાએ બીજી 2% ભૂખ ઓછી કરી જ છે.
- અતિતરસ લાગી હોય, અને માત્ર એક જ ઘુંટડો પાણી પી લઇએ, તો શું થાય ? શું આપણી તરસ છીપાઇ જાય છે ? ના છતાં એ થોડી તો ઘટે જ છે....
- મલેરીયા જેવા રોગમાં પાંચ દિવસનો કોર્સ આપવામાં આવે છે. એમાં માત્ર એક જ દિવસ ગોળી લેવાથી રોગ મટી ન જાય. પણ એ એક દિવસની ગોળી પણ અસર તો કરે જ. માટે જ તો 5 દિવસે સંપૂર્ણ રોગ મટે છે ને...

હૃદયના સાચા ભાવ થી જ્યારે આલોચના કરવામાં આવે છે, ત્યારે આવું જ બને છે. આપણા એ અપરાધો કંઇ એક જ આલોચનામાં શૂન્ય ન બને, પરંતુ થોડા તો ઘટે જ છે. હા ! એ નજરમાં ન આવે... એ અલગ વાત !

એ પાપો વધે નહિ, એ પણ આલોચનાનું ફળ છે.

સમ્યગ્દર્શન જાય નહિ, એ પણ આલોચનાનું ફળ છે.

પાપોમાં હેયતાનો ભાવ ટકી રહે, એ પણ આલોચનાનું ફળ છે.

માટે આવો વિચાર ન કરવો કે *'પાપ તો ચાલુ જ રહેવાનું છે, તો આલોચના કરવાનું શું ફળ ?'* બરાબર ?

## (૯) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:**

જે સંયમીઓ કે ગૃહસ્થોને ખબર જ નથી કે 'પાપો કર્યા બાદ આલોચના કરવી જોઇએ. પશ્ચાત્તાપ થવો જોઇએ', એ સંયમીઓને કે ગૃહસ્થોને કેવું ફળ મળે ? કેમ કે તેઓ તો આલોચના કરવાના જ નથી ને ?

**સમાધાન :**

'જો મારા શરીરને અગ્નિનો સ્પર્શ થાય, તો મને સખત પીડા થાય.' આવી ખબર આપણને છે અને જ્યારે શરીરને અગ્નિ અડે છે, ત્યારે પીડા થાય પણ છે.

પણ ધારો કે જે જન્મેલા બાળકને 'અગ્નિના સ્પર્શથી પીડા થાય કે નહિ ?' એ ખબર જ નથી. એ બાળકને અગ્નિ સ્પર્શે, તો એને પીડા થાય કે નહિ ? થાય જ ને !

*'મને કોઇ ચપ્પુથી ઘા કરે, તો મને પીડા થાય જ'*. આવી ખબર આપણને છે, તો આપણને ચપ્પુના ઘાથી પીડા થાય છે. પણ ધારો કે બાળકને એવી ખબર નથી, તો શું એવું છે કે 'એને કોઇ શસ્ત્ર મારે, તો પીડા ન થાય ?'

જીવમાત્રનો સ્વભાવ જ છે કે 'એને અગ્નિથી, શસ્ત્રથી પીડા થાય જ'.

એમ આપણા જેવા જીવોને ધારો કે ખબર જ છે કે 'પાપ થઇ જાય, તો હૃદયમાં પશ્ચાત્તાપ (=દર્દ) થવો જોઇએ, બળતરા થવા જોઇએ. અને ખરેખર

પાપ વખતે આપણને એવા બળતરા થાય, કેમ કે આપણે ઉત્તમ આત્મા છીએ, આપણામાં સમ્યગ્દર્શન જીવતું છે.

હવે કેટલાક જીવોને આવું બધું જ્ઞાન ન પણ હોય કે 'પાપ થઇ જાય, તો હૃદયમાં દુખઃદર્દ થવું જોઇએ.' છતાં જો એ ઉત્તમ આત્મા હશે, તો એને પેલા જ્ઞાન વિના પણ દુઃખાનુભવ થવાનો જ, ત્રાસ થવાનો જ.

હવે ઉંધુ વિચારીએ,

જેને ખબર છે કે 'શસ્ત્ર લાગે, તો ઘોર પીડા થાય', તેને પણ જો બેભાન કરવામાં આવે, પછી કાપો મુકવામાં આવે, તો શસ્ત્ર લાગવા છતાં પીડા ન થાય.

એમ કેટલાક શાસ્ત્રજ્ઞાનીઓ એવા હોય છે કે જેમને "પાપનો પશ્ચાત્તાપ હોવો જોઇએ..." વગેરે જ જ્ઞાન હોય. બીજાઓને ઉપદેશ પણ આપતા હોય. ઘણા લોકો એમના ઉપદેશથી પામતા પણ હોય. પણ આ જ્ઞાનીઓનું જ્ઞાન જો શુષ્ક હશે, તો તેઓને ખુદને કોઇ પશ્ચાત્તાપ નહિ થતો હોય. તેઓ મોટા મોટા પાપ કરતા હશે, છતાં હૃદયમાં એની કોઇપણ જાતની પીડા નહિ હોય.

In Short....

જો આત્મા ઉત્તમ હશે, તો એને આ બધું શીખવાડવું નહિ પડે કે 'તું પશ્ચાત્તાપ કર,' એને પશ્ચાત્તાપ થશે જ.

આમ, પશ્ચાત્તાપનું જ્ઞાન હોય કે ન હોય, જેને પાપોનો પશ્ચાત્તાપ થાય, એ ઉત્તમ જીવ છે. જેને પાપોનો પશ્ચાત્તાપ ન થાય, એ જઘન્યજીવ છે.

જેટલો પશ્ચાત્તાપ જ ઘન્યજીવ વધારે એટલી ઉત્તમતા વધારે !

જેટલો પશ્ચાત્તાપ ઓછો, એટલી ઉત્તમતા ઓછી !

O.K. ?

## (૧૦) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસાઃ** જો આવું જ હોય તો લોકોને ઉપદેશ આપવાની જરૂર જ નથી કે `તમે પશ્ચાત્તાપ કરો...' એ તો જો થવાનો હશે, તો એની મેળે જ થઇ જશે.

**સમાધાન :** ઉપદેશ તો એટલા માટે અપાય છે કે

(1) શ્રોતાઓ પોતાની જાતને ચકાસી શકે કે *'હા ! મને પશ્ચાત્તાપ તો થાય જ છે. તો પછી મારામાં એટલી ઉત્તમતા છે.'*

અથવા *'મને તો આવો કોઇ પશ્ચાત્તાપ થતો નથી, તો મારી ઉત્તમતા નથી'.*

હવે શ્રોતા બીજા ઉત્તમજીવોની અનુમોદના કરશે, તો એના પ્રભાવે એનામાં પણ ઉત્તમતા પ્રગટ થશે, પશ્ચાત્તાપભાવ પ્રગટ થશે.

(2) ધારો કે શ્રોતામાં પશ્ચાત્તાપભાવ હશે, તો પણ બીજાઓના દૃષ્ટાન્તો સાંભળીને એને એવું થશે કે *'મારામાં આવા પ્રકારનો તો પશ્ચાત્તાપભાવ નથી જ.* 'દઢપ્રહારી પોતાના પાપોના પશ્ચાત્તાપથી એવી પ્રતિજ્ઞા લે કે' જે દિવસે મને મારા પાપ યાદ ન આવે એ દિવસે જ વાપરવું.' અને જ્યાં ચાર મોટી હત્યાઓ અને એ સિવાય પણ ઘણા બધા પાપ કરેલા છે, ત્યાં જ ભિક્ષા માટે જાણી જોઇને ફરવું, જેથી લોકો તો એને જોઇને એના પાપ યાદ કરાવવાના જ...

'પાપી... પાપી...' કહેવાના જ અને માટે છ મહિના સુધી એમને ઉપવાસ થયા.

*'મને મારા પાપોનો પશ્ચાત્તાપ તો છે, પણ આવો નથી....'*

*'મને તો આંખોમાં આંસુ પડે એટલું, બાકી ખાવાનું છોડી દેવું કે ખાવાનું ન ભાવે, આવું તો મને કશું થતું નથી.'*

આમ, જેને પશ્ચાત્તાપ થતો હોય તે પણ ઉપદેશ સાંભળીને નક્કી કરી શકે કે *'મને પશ્ચાત્તાપ ઓછો છે, કે વધારે ?'* અને પછી એ

વધુ પશ્ચાત્તાપવાળાની અનુમોદના કરવા માંડે, એના પ્રભાવે એનું, સમ્યક્ત્વ નિર્મળ બને જ એ પછી એનો પણ પશ્ચાત્તાપભાવ આસમાનને આંબે.

(3) જેમ બેભાન માણસને ધીરે ધીરે ભાન આવવા માંડે, તો એને પીડાનો અનુભવ થવા માંડે, એમ આત્માએ ગાઢ મિથ્યાત્વદશામાં જ્યારે પાપો કર્યા, ત્યારે એ બેભાન જેવો જ હતો. એટલે એને પીડા થતી ન હતી, નિષ્ઠુરતા હતી.

પરંતુ ઉપદેશ સાંભળતા સાંભળતા એ ગાઢમિથ્યાત્વ નબળું પડે છે, અને એટલે પાછળથી જીવને ઘોર પશ્ચાત્તાપ ચાલુ થાય છે કે *'અરેરે ! મેં મારા જીવનમાં કેવા કેવા ઘોર પાપો કર્યા. હું કેવો અધમાધમ બન્યો. હું હલકટ બન્યો. નીચ બન્યો... હે ભગવાન !'*

આમ ઉપદેશ દ્વારા જીવ પાછળથી પશ્ચાત્તાપ ભાવને પામે છે.

આમ ઉપદેશ ત્રણ કામ કરે.

- જીવ પોતાની જાતને ચકાસી શકે કે 'હું કોણ છું ? કેવો છું ?.'
- જીવ બીજા વધુપશ્ચાત્તાપી વગેરેની અનુમોદના કરી શકે, અને એના દ્વારા એ પોતે પણ વધુને વધુ પશ્ચાત્તાપી બની શકે.
- જીવ ઉપદેશ સાંભળતા સાંભળતા ભાન પામે, સમજ પામે અને એ પછી પોતાના ભૂતકાળના પાપોનો ઘોર પશ્ચાત્તાપ કરી શકે.

આ ત્રણેય બાબતોનો અનુભવ અનેકવાર થયેલો છે જ.

કેટલીકવાર તો ઉપદેશ વિના પણ જીવ સાચી સમજ પામે છે. ઉંમર પસાર થાય, સંસારમાં ઘણા ફટકાઓ ખાય... એ પછી એને સહજ રીતે જ લાગે કે *'અરેરે, મેં શા માટે આવા પાપો કર્યા... હું કેમ આવો નીચે બન્યો... ?'* વગેરે.

એક શ્રાવકે મને કહેલું કે 'મ.સા. ! મારો સ્વભાવ ગુસ્સાનો

હતો. બોલવાનું કંઇ ભાન નહિ. મેં ઘરના લોકોને એટલા બધા હલકા શબ્દો કહેલા છે ને, કે એનો કાંઇ હિસાબ જ નથી.

અને મને વાસના અતિશય હતી. મેં ઘણું ઘણું ખરાબ કરેલું છે.

આજે તો અંતરથી રડવું આવે છે. પ્રભુ પાસે માંગુ છું કે હાડકા વિનાની બે વસ્તુઓથી મેં ઘોર પાપો કરેલા છે. મને સજા કરજે, આવતા ભવોમાં એ બે વસ્તુ જ નહિ આપતો. નાલાયક છું હું...'

કેવો નિર્મળ પશ્ચાત્તાપભાવ !

હું એ શ્રાવકે કરેલા પાપોનો બચાવ નથી કરતો, પણ પશ્ચાત્તાપનો પ્રભાવ તો વર્ણવીએ ને ?

## (૧૧) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** પશ્ચાત્તાપ ભાવ માટે તો તમારો જવાબ સમજાઇ ગયો કે

ભાનમાં રહેલા માણસને અગ્નિ-શસ્ત્ર આદિ લાગવાથી પીડા થાય જ.. .

ભાનમાં રહેલા આત્માને પાપો દ્વારા પશ્ચાતાપ થાય જ...

એમાં કંઇ પીડા અનુભવવાનું શીખવાડવું ન પડે.

એમાં કંઇ પશ્ચાત્તાપ કરવાનું શીખવાડવું ન પડે.

અને છતાં ઉપદેશ જરૂરી... એ પણ સમજાઇ ગયું. પણ મારો હવેનો પ્રશ્ન આલોચના માટે છે.

સદ્ગુરુ પાસે જઇને પોતાના પાપો બોલવા એ છે આલોચના.

આવી આલોચના કરવી જોઇએ, એવું ભાન તો જૈનોમાં પણ ઘણા ઓછાને છે કેમ કે એનો ઉપદેશ પણ ઘણો ઓછો આપવામાં આવે છે. અરે, ઉપદેશ અપાતો હોય, તો પણ સાંભળનારા કેટલા ?

માંડ 5% જૈનો પ્રવચનો સાંભળતા હશે.

તો આ બધાને તો આલોચના કરવાની ખબર જ નથી.

આ બધાને તો આલોચના બાદ પ્રાયશ્ચિત્ત લેવાની ખબર જ નથી.

તો લાખો જૈનો મોટા પાપો કરવા છતાં આલોચના નથી જ કરતા.

કરોડો અજૈનો મોટા પાપો કરવા છતાં આલોચના નથી જ કરતા.

અને એમના પાપો તો લક્ષ્મણાના કાંકરા જેટલા પાપની સામે પર્વત જેટલા છે.

આ બધા જીવોનું ભવિષ્ય શું ?

**સમાધાન :** ખુલ્લા પગે અમે રસ્તે ચાલીએ, ત્યારે સામાન્ય કાંકરા આદિનો સ્પર્શ થાય છે. પણ એમાં પીડા અતિ અલ્પ હોય છે. એટલે અમને પીડા જેવું લાગતું નથી. એટલે જ અમારા મોંઢેથી સીસકારો નીકળતો નથી.

પણ, અચાનક તીક્ષ્ણ કાંટો કે તીક્ષ્ણ પત્થર પગમાં વાગે, તો `ઓ બાપ, અરિહંત' એવા શબ્દો મોઢામાંથી નીકળે જ છે.

આ વખતે અમે વિચારતા નથી કે *'મારે એ શબ્દો બોલવા...'*

આવો અનુભવ બધાને હશે. ...

પીડા વધે, એટલે એ મોઢામાંથી શબ્દરૂપે બહાર આવે જ.

ઇંજેક્શન આપવામાં આવે, ત્યારે પણ કોઇ ચીસો પાડે. માથું સખત દુઃખતું હોય, પેટમાં પીડા થતી હોય, તોય સીસકારા નીકળે, ચીસ પણ નીકળે.

પીડા સાથે શબ્દોનો સંબંધ લગભગ જોડાયો છે.

તો જ્યારે પાપોની પીડા અસહ્ય બને, ત્યારે જીવ બોલ્યા વિના રહી જ નહી શકે. એ કોઇને ને કોઇને પોતાના પાપો કહી જ બેસશે.

હા ! જેમ રોગી માણસને ભાન ન હોય, તો એ પોતાની પીડા પરિવાર સામે પ્રગટ કરશે, પરંતુ ડોક્ટર પાસે જઇને બોલવાની એની બુદ્ધિ ન પણ હોય. હવે જો પરિવારવાળા સમજુ હશે, તો તેઓ એને કંહે કે 'અમને નહિ, ડોક્ટરને કહે. કેમ કે દવા તો એજ આપશે, અને તો જ મટશે.'

બરાબર એ જ રીતે જેઓ અજ્ઞાની છે, જેઓને એ ભાન નથી કે આપણે આપણા પાપ સદ્ગુરુ નામના ડોક્ટરને કહેવા જ જોઇએ, તેઓને સદ્ગુરુ પાસે જવાની બુદ્ધિ ભલે ન સુઝે, પરંતુ જ્યારે જ્યારે તેઓ પોતાના પાપોને સહન નહિ કરી શકે, ત્યારે ત્યારે તેઓ કોઇની સામે તો બોલી જ બેસશે. પત્નીને, મિત્રને, ભાઇ-બહેનને, મમ્મીને... જેની સાથે આત્મીયતા હશે અને વિશ્વાસ હશે, એને બધી વાત જણાવી જ દેશે.

આ એક પ્રકારની આલોચના જ છે. પરંતુ જેમ પરિવાર સામે રોગની પીડાનું વર્ણન કરવાનો વિશેષ ફાયદો નથી, ડોક્ટરને જ કહેવું પડે. ત્યાં દવા મળે, તો રોગ મટે.

એમ સદ્ગુરુ વિના બીજા કોઇપણ પાસે પોતાના પાપોનો એકરાર કરે, તો એટલું ચોક્કસ કે એ આત્માની નિખાલસતા ગણાય, સાચો પશ્ચાત્તાપ ગણાય. અને એ અનુસારે એને કર્મક્ષય પ્રાપ્ત થાય. પરંતુ જો સદ્ગુરુને કહે, તો સદ્ગુરુ એને સાચું માર્ગદર્શન આપી શકે, એ પાપ ધોવા માટેનું પ્રાયશ્ચિત્ત આપી શકે, ફરીથી એ પાપ જીવનમાં ન પ્રવેશે, એવી વ્યવસ્થા બતાવી શકે. એ

જીવ જો સદ્ગુરુ પાસે નહિ જાય, તો બિચારા અજ્ઞાની પરિવારજનો એને શું હિતશિક્ષા આપવાના ? શું પ્રાયશ્ચિત્ત આપવાના ? એટલે એના જીવનમાં તો પછી પાપ પાછું આવવાની પણ શક્યતા... પશ્ચાત્તાપ ઘટવાની અને ખતમ થઇ જવાની પણ શક્યતા...

એટલે જેમ ડોક્ટર વિના દર્દી પોતાની પીડા ભલે બધાને કહે, તો પણ એ રોગ + પીડા મટવાની નથી. એમ સદ્ગુરુ વિના પાપી પોતાના પાપની પીડા ભલે બીજાને કહે, તોય એનું પાપ ખતમ થવું કેટલું શક્ય ? એ તો ભગવાન જાણે.

માટે જ પ્રચંડ પુણ્યોદય હોય, તો જ સદ્ગુરુ પાસે આલોચના કરવાનો મોકો મળે.

આમ છતાં શરીરના દર્દી અને આત્માના દર્દી વચ્ચે મોટો તફાવત છે.

શરીરના દર્દી માટે Fix છે કે રોગની પીડા અસહ્ય બને, રોગ બીજાને કહે, એટલા માત્રથી એનો રોગ નાશ નથી જ થવાનો. એને ડોક્ટરની વ્યવસ્થિત દવા જોઇએ જ.

આત્માના દર્દી માટે એવું નથી. એને સદ્ગુરુ ન મળવાથી એ આલોચના ન પણ કરે, અથવા સદ્ગુરુ હોવા છતાં પણ '*મારે સદ્ગુરુ પાસે આલોચના કરવી જોઇએ* ' એવી સમજ જ ન હોવાથી એ એમની પાસે જઇને આલોચના ન પણ કરે. અને માટે જ 'ગુરુ એને પ્રાયશ્ચિત્ત આપે અને એ પ્રાયશ્ચિત્ત રૂપ દવા લે,' એવુ ન પણ બને.

છતાં જો એ જીવમાં યોગ્યતા =પાત્રતા = લાયકાત પડી હોય, તો આલોચના + પ્રાયશ્ચિત્ત વગર પણ એના તમામ કર્મોનો ક્ષય થાય અને એ મોક્ષ પામે.

## (૧૨) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** આ યોગ્યતા - પાત્રતા - લાયકાત શું છે ?

**સમાધાન :** બે -ચાર દષ્ટાન્તો વિચારીએ.

(1) એક 70 વર્ષના ડોસી છે. એક 30 વર્ષના બ્રહ્મચારિણી બહેન છે. બંનેને પુરુષસંગ નથી, માટે બંનેમાંથી એકેય માતા બનતા નથી. પરંતુ ધારોકે 70 વર્ષના ડોસીને પુરુષસંગ મળે, તો એ માતા બને ખરા ? નહિ જ. અને પેલા 30 વર્ષના બહેન ? હા.

આનો અર્થ ડોસીમાં યોગ્યતા નથી, 30 વર્ષની સ્ત્રીમાં યોગ્યતા છે.

(2) પાણી અને પેટ્રોલ બે પ્રવાહી છે. એકેયને આગ સાથે સંપર્ક થયો નથી. પણ ધારો કે આગ લાગી હોય તો ત્યાં પાણી નાંખીએ તો આગ બુઝાય ને ? પેટ્રોલ નાંખીએ તો આગ ભડકે ને ?

એટલે કે પેટ્રોલમાં ભડકાવવાની પાત્રતા છે, પાણીમાં નહિ.

(3) White board ઉપર આપણે મારકર પેનથી લખેલું હોય અને પરમેનન્ટ મારકરથી લખેલું હોય. આપણે બંનેમાંથી એકેય ને ભુંસવાની શરૂઆત નથી કરી. પણ ધારોકે ભુંસવાની મહેનત કરીએ તો નોર્મલ મારકરનું લખાણ તરત ભુંસાઇ જાય એવી એની પાત્રતા છે. પરમેનન્ટ મારકરનું ન ભુંસાય એવી એની પાત્રતા છે.

આવા તો અનેક દષ્ટાન્તો મળે.

પ્રસ્તુતમાં વિચારીએ.

એક ઉત્તમ આત્માને આલોચના સંબંધી જ્ઞાન છે, એટલે એ તો પોતાના દોષોની આલોચના સદ્‌ગુરુ પાસે કરી લે છે, પ્રાયશ્ચિત્ત સેવી લે છે.

એક અન્ય આત્મા છે, એને આવું કંઇ જ્ઞાન નથી, એટલે એ જીવ તો કોઇ આલોચનાદિ કરતો જ નથી. પરંતુ એનામાં આવી યોગ્યતા છે કે જો એને

કોઇ સમજાવે કે 'ભાગ્યશાળી! તમામ પાપો સદ્ગુરુને કહેવા પડે, કશું ય છુપાવ્યા વગર ! તું માત્ર પશ્ચાત્તાપ કરે, એ ન ચાલે કે તારા કોઇ મિત્ર આદિને કહે એ પણ ન ચાલે,' 'તો એ તરત જ પોતાના નાના-મોટા તમામ પાપો કહેવાને માટે તૈયાર થઇ જાય....

આવી જેની યોગ્યતા હોય, તે આત્માને હજી કોઇ સમજાવનાર ન મળવાને કારણે આલોચનાદિ ન કરેલા હોય, તો ય યોગ્યતાના પ્રભાવે કર્મક્ષયાદિ થાય. આલોચના ન કરવા છતાં પણ એને લક્ષ્મણા જેવું કોઇ વિશેષ નુકશાન ન થાય.

એક જીવ એવો છે કે એણે હજી આલોચના કરી નથી પોતાના પાપોની ! પણ એની એવી યોગ્યતા પણ નથી. એટલે કે હજી એને કોઇ સમજાવનાર નથી મળ્યું કે 'આલોચના કરવી જોઇએ'. એટલે એણે આલોચના કરી નથી, પણ સાથે સાથે એ જીવ એવો જ છે કે ધારો કે કોઇક વ્યવસ્થિત સમજાવનાર મળી જાય, તો પણ એ પોતાના પાપો કહેવા તૈયાર ન થાય. સામાન્ય પાપો કદાચ કહી પણ દે, પણ ગુપ્ત પાપો ન કહે. સ્પષ્ટ કરીને ન કહે.

આવા જીવને લક્ષ્મણા જેવું મહાન નુકસાન થવાની સંભાવના છે જ.

આમ જોઇએ, તો

(1) પાપી છે, આલોચનાની સમજ આપનાર સદ્ગુરુ મળ્યા કે કલ્યાણમિત્ર મળ્યા અને એ આત્માએ ગુરુ પાસે જઇ શુદ્ધ આલોચના લઇ લીધી અને શુદ્ધ બની ગયા. દા.ત. રહનેમિ, નંદિષેણ, દઢપ્રહારી વગેરે. (એને પહેલેથી આલોચના અંગે સંપૂર્ણ જ્ઞાન હોય, તો કોઇની પ્રેરણા વિના પણ આલોચનાદિ બધું કરે,.. એ શક્ય છે.)

(2) પાપી છે, આલોચનાની સમજ કોઇકે આપી, કે સ્વયં એ સમજ પહેલેથી મળેલી જ છે, છતાં માયા-કપટ કરે, અને પાપ છુપાવે,

આલોચના ન કરે, અશુદ્ધ કરે, મુખ્ય બાબતો છુપાવે... અને દીર્ઘ ભયાનક સંસારી બને. દા.ત. - લક્ષ્મણાસાધ્વીજી, રુક્મિણી....

(3) પાપી છે, આલોચનાની સમજ કોઇએ આપી નથી, પોતાની પાસે સ્વયં એ સમજ છે પણ નહિ. પણ જીવ એવી યોગ્યતાવાળો છે કે જો સમજ મળે, તો એકપણ પાપ ન છુપાવે, બધું જ કહી દે... રોઇ રોઇને કહી દે.... આવો જીવ સમજ ન મળવાના કારણે આલોચના ન પણ કરે, તો પણ એને લક્ષ્મણા જેવું કોઇ નુકસાન નહિ. અરે, પશ્ચાત્તાપની ભાવધારામાં ચડે, તો સીધું કેવલજ્ઞાન પણ પ્રાપ્ત કરે. દા.ત. માછીમારને કેવલજ્ઞાન - વગેરે.

(4) પાપી છે, આલોચનાની સમજ કોઇએ આપી નથી, પોતાની પાસે છે નહિ. પણ જીવ એવો છે કે ધારો કે આલોચનાની સમજ મળે, તો ય પોતે આલોચના ન કરે, 'મારું ખરાબ લાગશે, મનના ગંદા વિચારો શી રીતે બોલાય ? હાથે કરીને પેટ ચોળીને શૂળ ઉભું કરવું શા માટે ? અને ગુરુ તો ઉપવાસાદિ પચ્ચ. આપે એ તો મારાથી ન થાય. વળી ગુરુ તો કોઇને કહી દે તો ? તો તો મારે સમાજમાં જીવવું ભારે પડી જાય....'

આવો જેનો જીવ છે, તે અત્યારે ભલે ને સમજ નથી અને આલોચના નથી કરતો, પણ સમજ પછી પણ આલોચના નહિ જ કરવાની આત્માની વિચિત્રતાના પ્રતાપે એને મોટું નુકસાન થવાની પાકી સંભાવના !

આજે એવો અનુભવ થાય પણ છે, મુનિભગવંતો પ્રવચન વગેરેમાં હાર્દિક પ્રેરણા કરે પણ છે, પરંતુ ઘણા બધા લોકો આલોચના લેવા તૈયાર થતા જ નથી. 1000 માણસોને પ્રેરણા કરી હોય, તો 100 જણ માંડ આલોચના કરે. શું બીજાના જીવનમાં પાપ નથી ? એ 900 જણ નિષ્પાપ છે ? ના. પરંતુ આત્માની ઉત્તમતા હોવી જોઇએ ને ?

પોતે ગુરુ પાસે ગમે તેવા અધમાધમ દેખાય, એ માટેની તૈયારી હોવી જોઇએ ને ? એ ન હોય, માયા-કપટ હોય, ઉપેક્ષા હોય... તો તેઓની હાલત લક્ષ્મણા જેવી ભૂંડી થઇ શકે છે.

દરેક જણ પોત-પોતાની જાતને પૂછે....

- સગી માતાના અંગો, અવયવો જોવાની ઇચ્છા થઇ હોય, ખાનગીમાં જોયા હોય, અચાનક દેખાયા હોય, તો ગંદા વિચારો આવ્યા હોય... ભલે ક્યાંય કંઇ જ પાપ કર્યુ ન હોય, પણ આવું બધું સદ્ગુરુને અક્ષરશઃ, સ્પષ્ટ, વિસ્તારથી બતાવવા માટે આત્મા તૈયાર થાય ?
- સગી બહેન માટે, Cousin બહેન માટે, ભાભી માટે, દેરાણી માટે, નોકરાણી માટે, દુકાનમાં કામ કરતી છોકરી માટે... આવા જ વિચારો કર્યા હોય, ક્યાંક વળી શરીરના ય પાપો કરી લીધા હોય, તો તૈયારી ખરી ગુરુને બધું જ કહેવાની ?
- મુમુક્ષુબહેન માટે, સાધ્વીજી માટે પણ આવા જ કોઇ વિચારો આવ્યા હોય...
- મોબાઇલમાં, મુવીમાં, પોસ્ટરોમાં અતિ ગંદુ જોયું હોય, ખૂબ રાગથી જોયું હોય, બે મિનિટ કે બે કલાક જોયું હોય, ક્યાંથી પણ કંઇ ને કંઇ કરી લીધું હોય... તો તૈયારી ખરી ? ગુરુ પાસે બોલી શકશો ? ખુલ્લા થઇ શકશો ?
- ગંદી નોવેલો વાંચી, જે વાંચ્યુ એ કરવાની ઇચ્છા થઇ, કર્યું પણ ખરું.....
- વેશ્યાગમન કર્યું, સ્ત્રીની મજબુરીનો લાભ ઉઠાવ્યો, બલાત્કાર કર્યો, વ્યભિચાર કર્યો, કોઇ સ્ત્રીને બ્લેકમેઇલ કરીને ફસાવી....
- પ્રભુ પ્રતિમાને જોઇને, સરસ્વતી આદિની મૂર્તિ જોઇને બેહદ ખરાબ વિચાર આવ્યા...

- વિજાતીય, સજાતીય, સ્વજાતીય પાપો કર્યા, ઇચ્છા કરી...

મેં આ બધા દૃષ્ટાન્તો અબ્રહ્મ-મૈથુન સંબંધી બતાવ્યા છે, તે એટલા માટે કે આવા પાપનો સ્વીકાર કરવામાં જ જીવને સૌથી વધુ શરમ આવતી હોય છે. માત્ર મનનું પાપ પણ બોલવું હોય તો માથે પર્વત જેવો ભાર લાગવા માંડે છે.

**'મને ભાભીને kiss કરવાની ઇચ્છા થઇ'** આટલું લખતા કે બોલતા તો પસીનો નીતરવા માંડે, જીભ થથરે, પશ્ચાત્તાપ કરતા ડરનો ભાવ વધારે હોય...

હવે જો મનના આવા પાપ માટે પણ આલોચના કરવા જીવ તૈયાર ન થાય, તો કાયાના મોટા પાપો માટે તો શી રીતે તૈયાર થશે ?

હિંસા-જૂઠ આદિ પાપોને સ્વીકાર કરવાની તૈયારી તો થઇ જાય, પણ મૈથુનના મનના ય પાપો સ્વીકાર કરવા માટે જીવને અતિભારે મહેનત પડતી હોય છે.

સાધુ હોય કે સંસારી હોય..... દરેક જણ પોતાની જાતને પૂછે...

રૂપાળી સ્ત્રીને પચ્ચ. આપતા રાગથી જોયું ?

વાસક્ષેપ નાંખતા અંગો પર નજર ગઇ ?

ચાલતી સ્ત્રીના અંગમરોડ જોઇને કંઇક વિચારો આવ્યા ?

લીપસ્ટીક વગેરેના શણગાર જોઇને કંઇક વિચારો આવ્યા ?

ઉપદેશાદિના બહાને ચક્ષુરિન્દ્રિયને ભોજન કરાવી દીધું ?

જો કંઇ જ ખરાબ નથી, તો વાહ વાહ !

જો કંઇક છે, તો સુગુરુને કહેવું છે ? સ્પષ્ટ કહેવું છે ? ખુલ્લે આમ કહેવું છે ? બેશરમ બનીને કહેવું છે ? રોઇ રોઇને કહેવું છે ?

જો હા ! તો વાહ વાહ !

જો ના ! તો તમે કે હું લક્ષ્મણાના વારસદાર બનશું. આપણો પ્રચંડ પુણ્યોદય ગણાશે કે આપણે પણ લક્ષ્મણાની જેમ શાસ્ત્રોના પાને અમર બની જશું. ૪૦ ચોવીસી બાદ કોઇ તીર્થંકર પોતાના ગણધર સામે આપણી પણ આવી જ દર્દનાક Story કહેશે. ભલે ને, કંઇ વાંધો નહિ. એ બહાને પ્રભુના મુખે આપણું નામ તો બોલાશે ? બરાબર ને ? મંજુર ને ?

અરે, આવી મૂર્ખતા નથી કરવી આપણને !

આવા અમર બનવા માટે અસંખ્ય-અનંતવાર મરવું શા માટે ? એના બદલે બેશરમ બનીને રોતા રોતા પોતાના પાપોનો એકરાર કરીને જલ્દી જલ્દી બે-પાંચ ભવમાં જ અમર ન બની જઇએ આપણે ?

પણ ધિક્કાર છે આપણી અપાત્રતાને !

આટલું બધું જાણ્યું, વાંચ્યું, સમજ્યું...... છતાં હજી મન બળવો કરશે, આલોચના લેવા તૈયાર નહિ થાય. માત્ર એક જ વ્યક્તિ =સદ્ગુરુ જ આપણા પાપ જાણશે, એ મરી જશે તો ય કોઇને એક અક્ષર પણ નહિ કહે.. આ નગદ સત્ય આપણને ખબર હોવા છતાંય શુદ્ધ આલોચના નહિ લઇએ, નહિ જ લઇએ..

કેમ ચાલશે આવો પ્રમાદ !

કેમ ચાલશે આવી ઉપેક્ષા !

કેમ ચાલશે આવા માયા-કપટ-નિષ્ઠુરતા !

કેટલાકો વળી આ બધું જાણીને આલોચના માટે તૈયાર તો થશે જ, પરંતુ કુતરાની પુંછડી વાંકી એટલે વાંકી... એ ન્યાય પ્રમાણે આલોચના કરવામાં લક્ષ્મણાની જેમ કંઇ ને કંઇ માયા કરી બેસશે.

લક્ષ્મણાએ કોઇ બીજાના નામથી આલોચના કરી, પ્રાયશ્ચિત્ત પૂછ્યું...

આપણી ભૂલો કદાચ આવી હોઇ શકે...

- "સાહેબ ! જીવનમાં વિકારો ઘણા આવ્યા છે... એ બધાનું પ્રાયશ્ચિત્ત આપી દો..."

વાહ રે વાહ !

બહુ સસ્તામાં પતી ગયું.

44 વર્ષની જીંદગીના કદાચ સેંકડો કલાકના એ વિકારોના પાપો !

મનના જાત જાતના ગંદા વિચારોના પાપો....

વચનથી જાત જાતના ગંદુ બોલવાના પાપો...

કાયાથી જાત જાતનું ગંદુ કરવાના પાપો.....

એ બધાની પાછળ સેંકડો કલાકો બગાડ્યા છે, ગટરમાં નાંખ્યા છે, અને એ બધાનું પ્રાયશ્ચિત્ત આલોચના માત્ર 4 સેકંડમાં... શાબાશ, આતમ! બહુ જોરદાર Short cut અપનાવી દીધો તેં તો ?

મોટા લગ્નપ્રસંગે જમવા જઇએ, ત્યારે

- શીરાનું ઘી અને રસગુલ્લાની ચાસણી પણ મિક્સ ન થવા દઇએ, બધું અલગ અલગ વાપરીએ. Taste બગડવો ન જોઇએ.
- ગટાના શાકનો રસો અને પનીરના શાકનો રસો (ગ્રેવી) પણ એક ન થવા દઇએ....
- દાલ-બાટાની દાળ અને ભાત સાથેની તુવેરદાળ પણ એક ન થવા દઇએ...

સ્વાદ આવે, એ મુજબ બધુ જ અલગ અલગ જ ખાઇએ...

તો આલોચનામાં બધા પાપો મિક્સ કરીને એકસાથે કેમ કહી દીધા ?

રસગુલ્લા + શીરો + બંને દાળ + ગટા + પનીરગ્રેવી... આ બધું જ

મિક્સ કરીને, ચુરીને એકસાથે ખાતા કેમ નથી ? સ્વાદ બગડે છે ?

તો મૈથુન સંબંધી મન-વચન-કાયાના અલગ અલગ અનેકાનેક પ્રકારના પાપો અલગ અલગ બતાવવાને બદલે 'વિકાર' શબ્દથી બધાને ભેગા બતાવી દેવામાં આવે, ત્યારે શુદ્ધ આલોચના ન બગડે શું ?

સ્વાદ ન બગડે એની કાળજી રાખનારોએ આલોચના ન બગડે એની કાળજી કેમ ન રાખી ? કેમ નથી રાખતા ?

ક્યારે સુધરશું આપણે ?

પૂછો તો ખરા પેલા રોગીને, અરે ! જ્યારે આપણે ખુદ રોગી બન્યા, ત્યારે આપણે શું કરેલું, એ જ વિચારોને ? ડોક્ટર પાસે જઇને આપણી પીડાનું વર્ણન કઇ રીતે કરતા હતા ? ટુંકાણમાં ? કે 'ડો.સાહેબ ! ઘણી પીડા થાય છે, હવે આપે જે દવા આપવી હોય તે આપો , કે પછી શક્ય એટલું બધું જ વર્ણન કરી દીધું હતું આપણે !

'માથું સખત દુ:ખે છે. આંખો બળે છે, બે-ચાર વોમીટ થઇ છે. વારંવાર તાવ ઉતર-ચડ થાય છે. સખત અશક્તિ રહે છે. ખાવાનું બિલકુલ નથી ભાવતું, ... આવું આવું બધું જ વર્ણન કરી દઇએ ?

તો સદ્‌ગુરુ પાસે Short માં કેમ ?

જે રોગી રોગ દૂર કરવા માંગે છે, એ રોગને છુપાવતા નથી.

જે પાપી પાપ દૂર કરવા માંગે છે, એ પાપને છુપાવતાં નથી....

જો રોગી એઇડ્સ જેવા ગંદા રોગને હિસાબે બોલતા શરમાય, એ માટે રોગને ન બતાવે, તો એ રોગી છેવટે મોતને જ ભેટે છે.

જો પાપી મૈથુન જેવા ગંદા પાપને હિસાબે બોલતા શરમાય અને માટે પાપને ન બતાવે, તો એ પાપી છેવટે સંસારવૃદ્ધિને જ ભેટે છે.

માટે અંતઃકરણથી સૌને વિનંતિ છે, પ્રેરણા છે.

કરી લો પશ્ચાત્તાપ - આલોચના - પ્રાયશ્ચિત્ત !

(મન) પશ્ચાત્તાપ = પાપ થઇ ગયા બદલ મનમાં દુઃખ.... સખત દુઃખ...

(વચન) આલોચના = સદ્ગુરુજીએ પાસે પાપનો સંપૂર્ણ એકરાર...

(કાયા) પ્રાયશ્ચિત્ત = સદ્ગુરુજીએ આપેલ તપ વગેરે સંપૂર્ણ કરવા.

## (૧૩) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** કયા પુસ્તકના આધારે કરીએ ?

**સમાધાન :** ભવ-આલોચના માટેના પુસ્તકો અલગ અલગ મહાત્માઓએ છપાવેલા છે.

**સંસારીઓ માટે.**

(1) પુ.ગુરુદેવશ્રીનું પુસ્તક : ભવ-આલોચના...

(2) પૂ.આ.**ગુણરત્નસૂરિજીનું :** ભવ-આલોચના...

એ સિવાય બીજા પણ છે.

એ બધામાંથી કોઇપણ એક પુસ્તક લઇને ભવાલોચના કરો, પરંતુ એક ખાસ સૂચના કે પૂ.આ. ગુણરત્નસૂરિજીનું 'જો જે કરમાય ના' (ગુજરાતી), 'कहां मुरझाय ना' (હિન્દી), કન્ફેશન (અંગ્રેજી) બુક અવશ્ય વાંચવી, એ પછી જ ભવાલોચના કરવી.

## (૧૪) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** આ ભવાલોચના અને આલોચના અલગ છે ?

**સમાધાન :** જન્મથી માંડીને અત્યાર સુધીના જેટલા પણ પાપો કરેલા હોય, એ બધાયની આલોચના કરવી એ ભવાલોચના!

એ પછી દર મહિને /ચાર મહિને / વર્ષે કરવામાં આવે કે છૂટી છવાયી કોઇ આલોચના કરવામાં આવે. (દા.ત. પ્રતિમા પડી ગઇ), તો એ આલોચના !

આટલો જ ફરક છે.

## (૧૫) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :**

આ ભવાલોચના બુકમાં હિંસા વગેરે પાપોના અલગ અલગ 800-1000 ટોપીક્સ આપેલા છે. અને ત્યાં સામે જગ્યા હોય છે. જો અમે એ પાપ કરેલું હોય, તો ✓કરવાનું, નહિ તો × કરવાનું.

આ રીતે આલોચના લઇએ, તો આપે બતાવ્યા પ્રમાણે વિસ્તારથી આલોચના તો ન જ થાય ને ? તો શું એ બરાબર છે ?

**સમાધાન :**

જે બાળકક્ષાના જીવો છે, એમના માટે એ બરાબર છે. પરંતુ જેઓ થોડા પણ સમજદાર છે, તેઓએ આવી ✓,× વાળી આલોચના નથી કરવાની.

તમને ખ્યાલ હોય, તો સ્કુલમાં પ્રશ્નપેરમાં એક પ્રશ્ન એવો પણ આવતો કે આપણને 8-10 નાના નાના ટોપીક્સ આપે, પછી એના આધારે આપણે Story બનાવીને લખવાની હોય.

ભવાલોચનામાં આપેલા ટોપીક્સના આધારે આપણે એ રીતે આખી Story બનાવવાની છે.

**દા.ત.** એમાં લખ્યું હોય કે 'રાત્રિભોજન કર્યું' તો તમે એની સામે ✓કરો, એટલે પાપનો સ્વીકાર તો થયો, પણ એ એટલો મજાનો નથી.

એને બદલે એ ટોપીકને જોઇને પછી અલગ લખવાનું હોય કે

'મે 38 વર્ષની ઉંમર સુધી રાત્રે ખાધું છે. મમ્મી -પપ્પાએ ઘણું સમજાવેલું, છતાં પર્યુષણના 7 દિવસ પણ રાત્રે ખાતો હતો. અરે, એક - બે વાર તો સંવત્સરીનો ઉપવાસ કર્યા બાદ રાત્રે ભૂખ લાગી, તો છૂપી રીતે રાત્રે બે વાગે પણ ખાધું છે.....'

આવી રીતે એ પાપ આપણે જેવી રીતે, જેટલીવાર, જે ભાવથી કરેલું

હોય, તે બધાનું વ્યવસ્થિત વર્ણન કરવું.

વિસ્તારથી સમજાવવું અઘરું છે, માટે આ એક દૃષ્ટાન્ત જ આપેલ છે.

## (૧૯) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા :** જન્મથી માંડીને અત્યાર સુધીના બધા પાપો તો યાદ પણ ન આવે. અરે, આજના પાપો પણ યાદ કરવા બેસીએ, તો બધા પાપો યાદ ન આવે. તો અમે ભવાલોચના સારામાં સારી રીતે કરીએ ને, તો ય અમારા બધા પાપો ક્યાં ધોવાઇ જવાના ? ધારો કે આજ સુધીમાં અમે 1 કરોડ નાના-મોટા પાપો કર્યા હશે, તો અમે ભવાલોચનામાં તો માંડ હજાર પાપ જ લખી શકવાના. તો હજાર પાપ ધોવાય, પણ એ સિવાયના 99 લાખ, 99 હજાર પાપો તો બિલકુલ નહિ ધોવાવાના. તો આમાં કોઇ વિશેષ ફાયદો નહિ થાય ને ?

**સમાધાન :** આમાં પણ તમને તમારી યોગ્યતા કામ આવશે.

નીચેના ક્રમ પ્રમાણે બધું કરવું.

(1) આ **લક્ષ્મણા** બુક વાંચવી.

(2) 'જો જે કરમાય ના...' કોઇપણ એક ભાષાવાળી બુક વાંચવી.

(3) એ પછી ભવાલોચનાની બુક લેવી. (પૂ.ગુણરત્નસૂરિજી મ.ની. બુકમાં ઘણા બધા નવા જમાનાના પાપો પણ Add કરેલા છે...)

(4) એ બુકના એક એક ટોપીક વાંચવા, પછી વિચારવું કે *'મેં આ પાપ મારા જીવનમાં કરેલું છે ? કેટલી વાર ? કેવા ભાવથી ?'*

(5) પછી જે જે યાદ આવતું જાય, એ બધું અલગ 200/100 પાનાની નોટ લઇને એમાં વિસ્તારથી લખતા જવું.

(6) *'આલોચના જલ્દી પૂરી કરવી છે'* એવી મનમાં ઉતાવળ ન રાખવી. હા ! જલ્દી જ કરવી છે, પણ એના માટે પાપો અડધા-અડધા, ઓછા-વત્તા લખો એ ઉચિત નથી. મન શાંત રાખવું અને પાપો યાદ કરી કરીને લખતા જવા.

(7) યાદ કરવામાં પ્રમાદ-ઉપેક્ષા ન જોઇએ. પાપ યાદ કરવાની શક્ય એટલી બરાબર મહેનત કરવી.

(8) આ રીતે લખતા લખતા એવું પણ બને કે કેટલીક વાર અમુક પાપો પાછળથી પણ યાદ આવે. તો જે પાપ જ્યારે યાદ આવે, તે પાપો ત્યારે લખવા.

ધારો કે હિંસાના પાપના 50 પાના લખી દીધા, 51માં પાનાથી જૂઠના લખવાના ચાલુ કર્યા એ 10 પાના લખ્યા, એ પછી યાદ આવ્યું કે *'મેં આ આ હિંસા કરેલી, એ પણ તો લખવાની બાકી છે'* તો તરત જ બીજી નોટમાં, બીજા પાના પર એ પાપો પણ વ્યવસ્થિત લખી દેવા.

(9) ભવાલોચનાની બુક તમને પાપો યાદ કરાવવા માટે છે, ✓,✗ કરવા માટે નથી. એમ જ સમજવું. એના ટોપીક્સનો ઉપયોગ કરીને તમારે તમારી Story લખવાની છે.

(10) ભવાલોચના એટલે એક પ્રકારની આત્મકથા જ સમજો. સદ્ગુરુ વાંચે, તો એમને એમ લાગે કે એ એક story વાંચે છે. એક વ્યક્તિની જીવનકહાની વાંચે છે.

(11) આ બધું કર્યા બાદ હવે તમારી યોગ્યતા કામમાં આવે છે.

ધારો કે 1000 પાપ જ યાદ આવ્યા તમને ! અને તમે લખી દીધા.... બીજા 99 લાખ 99 હજાર પાપ યાદ જ નથી આવતા, મહેનત કરવા છતાં યાદ નથી આવતા.

તો હવે તમારે આત્માને પૂછવું કે 'ધારો કે પાછળથી કોઇપણ પાપ યાદ આવે, તો લખવા માટેની તૈયારી ખરી ને ?' જો અંદરથી સાચો જવાબ મળે, કે "હા ! પૂરી તૈયારી... કોઇ ગંદામાં ગંદા વિચારો કર્યા હોય, આચારો સેવ્યા હોય કે ઉચ્ચારો કર્યા હોય... એ બધાનો સ્વીકાર કરવાની સંપૂર્ણ તૈયારી ! (જે દૃષ્ટાન્ત રૂપે પહેલા લખી બતાવેલા છે.... તે.)"

તો એ પાપોની અત્યારે આલોચના ન કરી હોય, તો પણ (કેમ કે એ

પાપ યાદ જ નથી આવ્યા) એ પાપોની શુદ્ધિ થઇ જાય.... એ પાપોની આલોચના ન થઇ હોવાનું કોઇ નુકશાન ન થાય કેમ કે યોગ્યતા પડી છે.

ધારો કે તમે 1000 પાપોની આલોચના કરી, પણ પાછળથી તમને કોઇ પાપ યાદ આવે અને એ વખતે તમારો આત્મા એ પાપની આલોચના કરવા માટે તૈયાર ન હોય, આ રીતની તમારી લાયકાત હોય, તો સમજી લેવું કે આત્માની યોગ્યતા નથી, અને તો પછી ભલે 1000 પાપોની આલોચના કરી, તો ય વિશિષ્ટ ફળ નહિ મળે.

આત્માની યોગ્યતા ઘણો બધો મોટો ભાગ ભજવે છે.

રુક્મિણીનું દૃષ્ટાન્ત જુઓ ને. છેલ્લા સમયે આચાર્યદેવ પાસે પોતના તમામ પાપોની આલોચના કરે છે, એ વખતે એને એ નાનકડું પાપ યાદ જ નથી. આવતું કે, 'મેં રાજકુમારી અવસ્થામાં એક રાજકુમાર સામે વિકારદૃષ્ટિથી જોયેલું....' એટલે એ તો સહજ રીતે જ બીજા બધા પાપોની આલોચના કરે છે. ત્યારે પ્રગટરૂપે કોઇ માયા નથી પડી, પણ યોગ્યતારૂપે તો માયા જ પડી છે. અને એ ખબર કઇ રીતે પડી ? તે જુઓ.

આચાર્યદેવ ખુદ એ રાજકુમાર હતા. એમણે રુકિમણીની આ દૃષ્ટિને પકડી લીધી હતી. એટલે જ વૈરાગ્ય પામ્યા હતા કે *'બ્રહ્મચારિણી તરીકે પ્રસિદ્ધ આ રાજકુમારી મને જ તો કામવિકારથી જુએ છે, આ સંસારમાં સચ્ચાઇ ક્યાં છે ?'*

અને એમણે દીક્ષા લીધેલી. એ પછી રુક્મિણીએ પણ દીક્ષા લીધેલી. વર્ષો બાદ રુકિમણીને અંતિમ સમયે આચાર્યદેવનો ભેટો થયો.

રુક્મિણી ઓળખી શકી નથી કે *'આ એ જ રાજકુમાર છે.'*

પણ આચાર્યદેવ ઓળખી ગયા છે કે *'આ એ જ રાજકુમારી છે.*

બધી આલોચના થઇ ગઇ. પણ પેલું વિકારદૃષ્ટિનું પાપ આલોચનામાં ન આવ્યું અને ખરેખર સાધ્વીજીને યાદ જ આવ્યું ન હતું.

'કોઇ પાપ બાકી રહી જાય છે ?' આચાર્યદેવ એને તક આપે છે, આચાર્યદેવ ઇચ્છે છે કે *'આ સાધ્વીજી વિકારદૃષ્ટિના પાપની આલોચના કરી*

*લે, તો એના સંસ્કાર ખતમ થાય. કદાચ એમને યાદ ન આવતું હોય, તો યાદ કરવાની તક આપું.'*

પણ સાધ્વીજીને Really યાદ નથી આવતું...

આચાર્યદેવ બે-ત્રણ વાર કહ્યું `હજી યાદ કરો, કંઈ રહી તો નથી ગયું ને ?'

સાધ્વીજીએ ના પાડી, અને ખરેખર એમને ત્યાં સુધી પાપ યાદ જ નથી આવ્યું. એટલે સ્પષ્ટ ભાષામાં કહીએ તો અત્યાર સુધી એ સાધ્વીજીમાં પ્રગટરૂપે માયા દોષ આવ્યો જ નથી. એ ખરેખર સાચા છે.

પણ નડે છે યોગ્યતાની ખામી !

એમનામાં માયાની જ યોગ્યતા હતી, સરળતાની યોગ્યતા નહિ.

જેવું આચાર્યદેવે યાદ કરાવ્યું કે `એ દિવસે એક રાજકુમાર તમારી સભામાં આવેલો, તમે એની સામે વિકાર દષ્ટિથી જોયેલું... એ રાજકુમાર હું પોતે જ...'

કે તરત જ સાધ્વીજીને પાપ યાદ આવી ગયું. હવે જો પાત્રતા હોત, તો તો તરત જ કહી દેત `હા ! એ પાપ મને યાદ જ ન આવ્યું... એ વખતે મને વિકાર જાગેલો...'

આમ આલોચના કરત.

પણ અંદર પડેલી હતી માયાની યોગ્યતા ! ગંદી યોગ્યતા !

જેવું નિમિત્ત મળ્યું કે તરત યોગ્યતા પ્રગટ થઇ. અને સાધ્વીજી બોલી બેઠા `મેં એ વખતે આપની સામે જોયેલું, એમાં વિકારભાવ ન હતો. પણ આપ પરદેશી રાજકુમાર હતા, તદ્દન નવા હતા, એટલે આપ ક્યાંથી પધાર્યા છો ? એ જાણવા માટે જ મેં નજર કરેલી'.

બસ, આ કર્યું પાપ .. અને વધ્યા 1 લાખ ભવ !

એટલે આત્માને બરાબર Ready કરો.

*'મને મારા જીવનનું જે કોઇપણ પાપ યાદ આવશે, એ હું વિના સંકોચે ગુરુને કહીશ જ. અત્યારે જે જે યાદ આવ્યા, તે તો કહી દીધા, પણ જે જે યાદ નથી આવ્યા, એ કદાચ ભવિષ્યમાં યાદ આવે, કોઇ યાદ કરાવે, તો એ પાપ છુપાવવાની તો મહેનત નહિ જ કરું. વધુને વધુ સ્પષ્ટ રૂપે એ પાપ કહી દેવાની મહેનત જરૂર કરીશ.'*

હા ! આપણી હાલત રુક્મિણી જેવી ન થવી જોઇએ. પાપ યાદ નથી આવ્યું, ત્યાં સુધી તો બધુ બરાબર, પણ જેવું સૂક્ષ્મ ગુપ્ત -ગંદુ પાપ યાદ આવ્યું કે તરત એનો પશ્ચાત્તાપ કરવાની, આલોચના કરવાની ભાવનાને બદલે બચાવ કરવાની ભાવના પ્રગટે...

આ યોગ્યતા ખરેખર અત્યંત ઉપયોગી વસ્તુ છે.

(1) 'આ ભવ્ય છે,' એટલે શું ? મોક્ષમાં જવાની યોગ્યતાવાળો છે......

'આ અભવ્ય છે,' એટલે શું ? મોક્ષમાં જવાની યોગ્યતાવાળો નથી....

બહારથી બંને જીવોમાં તમામ પ્રકારની સમાનતા દેખાય, તો પણ યોગ્યતાના તફાવતના કારણે જ ભવ્ય મોક્ષે જાય છે, અભવ્ય મોક્ષે નથી જતો.

કોઇ નિમિત્ત આવે, ત્યારે ખબર પડે કે યોગ્યતા છે કે નહિ ?

(2) બે મિત્રો વાતો કરતા ઉભા છે.

એકમાં ભયની યોગ્યતા છે.

એકમાં નિર્ભયતાની !

નિમિત્ત ન મળે, ત્યાં સુધી તો બંને સમાન !

પણ કુતરો ભોંકતો ભોંકતો આવે, ત્યારે બંનેની યોગ્યતા પ્રગટ થાય.

ભયની યોગ્યતાવાળો તો ભાગશે, ચીસો પાડશે....

નિર્ભયતાની યોગ્યતાવાળો તો કુતરાને પથરા મારી ભગાડશે...

આ છે ફરક યોગ્યતાનો !

(3) બે કરોડપતિ મિત્રો છે. એકમાં છે સમ્યકત્વની યોગ્યતા ! એકમાં છે મિથ્યાત્વની ... કારમાં બેસીને બંને જાય છે... વાતો કરે છે, હસે છે, મજાક કરે છે...

અચાનક મંદિર દેખાય, તો સમકિતીની સમ્યક્ત્વની યોગ્યતા પ્રગટ થશે, એ તરત હાથ જોડશે. મિથ્યાત્વીની મિથ્યાત્વની યોગ્યતા પ્રગટ થશે. એ હાથ નહિ જોડે.

આવી તો ઘણી બધી બાબતો !

(4) બે મિત્રો છે. એકમાં યોગ્યતા છે બ્રહ્મચર્યની ! બીજામાં મૈથુનની !

ઉપધાનમાં દેરાસરે દર્શન કરવા જાય છે. બંને સમાન !

ત્યાં સામેથી છોકરીઓ આવતી દેખાઇ.

બંનેની પોત-પોતાની યોગ્યતા પ્રગટ થશે.

એક આંખો નીચી ઢાળશે.

બીજો ત્રાંસી આંખે પણ જોઇ લેશે.

(5) બે મિત્રો છે, એક છે શ્રાવક ! રાત્રિભોજનત્યાગી ! બીજો છે અવિરિતધર ! રાત્રિભોજી !

બંને જણ એક ઘરમાં બેઠા છે, વાતો કરે છે, બંને સમાન દેખાય.

ત્યાં જ બહારથી અન્યમિત્રો આવે છે. 'ચલો, રવિવાર છે. બહાર ખાવા જઇએ.' તરત જ પાત્રતા પ્રગટ થશે.

એક કહેશે 'મારે તો રાત્રિભોજનનો ત્યાગ છે.'

બીજો કહેશે 'ચાલો, Ready....'

(6) એક છે સાચો સાધુ ! સર્વવિરતિની યોગ્યતા ભરી પડી છે !

બીજો છે વેષધારી સાધુ ! સર્વવિરતિની યોગ્યતા ભરી પડી નથી...

બંને વિહાર કરે છે, સમાન દેખાય છે. પણ રસ્તામાં કાચું પાણી આવ્યું. અને બંનેની પોતપોતાની યોગ્યતા પ્રગટ થઇ જાય છે.

એક સાધુ રસ્તો બદલે છે, બીજો રસ્તો ન હોય, તો અદ્ધર પગે ચાલે છે.

બીજો સાધુ તો બિન્ધાસ્ત બની ચાલે છે.....

ચાર જણ સુતેલા છે.

(1) મિથ્યાત્વી (2) સમ્યક્ત્વી (3) શ્રાવક (4) સાધુ

ચારેય જણ એક સરખી ઉંઘમાં છે, કોઇ અન્ય પ્રવૃત્તિ નથી.

પણ મિથ્યાત્વીજીવ મિથ્યાત્વ + અનંતા. વગેરે બાંધે....

સમ્યક્ત્વીજીવ મિથ્યાત્વ + અનંતા. વગેરે ન બાંધે, અપ્રત્યા. બાંધે.

શ્રાવક મિથ્યાત્વ + અનંતા. વગેરે ન બાંધે, પ્રત્યાં. બાંધે.

સાધુ મિથ્યત્વ + અનંતા. વગેરે ન બાંધે, અપ્રત્યા. ન બાંધે પ્રત્યા ન બાંધે....

આ વાત કરી પ્રકૃતિબંધની....

એમ સ્થિતિબંધ, રસબંધ માં પણ ઘણો બધો તફાવત છે જ.

તો આ કેમ છે ? અત્યારે તો મિથ્યાત્વી કોઇ મિથ્યાત્વની પ્રવૃત્તિ નથી કરતો, સમ્યકતી કોઇ સમ્યક્ત્વની પ્રવૃત્તિ નથી કરતો, શ્રાવક કોઇ દેશવિરતિની પ્રવૃત્તિ નથી કરતો, સાધુ કોઇ સર્વવિરતિની પ્રવૃત્તિ નથી કરતો.....

પણ આ બધામાં યોગ્યતા તો તેવા તેવા પ્રકારની જ પડેલી છે.

મિથ્યાત્વી જ્યારે જાગશે, ત્યારે મિથ્યાત્વના કામ કરશે ને ? [અજૈનમંદિર દર્શનાદિ...]

સમ્યકત્વી જ્યારે જાગશે, ત્યારે સમ્યક્ત્વના કામ કરશે ને ?

[જિનપૂજાદિ....]

દેશવિરત જ્યારે જાગશે, ત્યારે દેશવિરતિના કામ કરશે ને ?

[સામાયિક-પ્રતિકમણાદિ...]

સાધુ જ્યારે જાગશે, ત્યારે સર્વવિરતિના કામ કરશે ને ? [ષટ્કાયજયણાદિ...]

યોગ્યતા બોલો, લબ્ધિ બોલો, પાત્રતા બોલો, ક્ષયોપશમ બોલો...એક જ....

પ્રસ્તુતમાં વાત છે આલોચનાની....

અત્યારે પાપ યાદ ન આવવાથી ભલે જીવ પાપની આલોચના નથી કરતો, પરંતુ જયારે પણ પાપ યાદ આવશે, ત્યારે આલોચના કરી જ લેવાની એની તૈયારી તો છે જ ને ? આ જ છે યોગ્યતા ! જો એ હોય, તો આલોચના ન કરી હોવા છતાં પણ એને લક્ષ્મણા જેવો ભયાનક દોષ લાગતો નથી, એવું કોઇ ફળ મળતું નથી.

## (૧૭) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:** આલોચના કોની પાસે લેવાની ?

**સમાધાન:** સંવિગ્ન-ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના લેવાની હોય છે.

પણ શ્રાવકો બિચારા શું સમજે ? કે કોણ આવા સદ્ગુરુ છે ? બધા પોત-પોતાની ફુટપટ્ટીથી માપી લે છે, સદ્ગુરુ માની લે છે.

છતાં કોઇક વ્યવસ્થા તો બતાવવી જ પડશે ને ? (એમાં ય ભવાલોચના માટે ખાસ)

(1) જેઓ ગચ્છાધિપતિશ્રી છે. એમની પાસે આલોચના લઇ શકાય.

(2) તેઓને અનુકૂળતા ન હોય, તો તેઓ જેમનું નામ સૂચવે એમની પાસે આલોચના લઇ શકાય.

અન્ય સમુદાયોનો તો મને વિશેષ અંદાજ નથી, પરંતુ અમારા સમુદાયમાં તો પૂ.ગચ્છાધિપતિશ્રીની સંમતિથી અનેક મહાત્માઓ ભવાલોચનાનું પ્રાયશ્ચિત્ત આપે છે.

- પૂ.પં. ભુવનસુંદર મ., પૂ.પં.ગુણસુંદર મ.,....ગૃહસ્થો માટે....
- પૂ.આ.અભયચન્દ્રસૂરિજી...

એ સિવાય પણ અનેકાનેક પદસ્થ પૂજ્યો છે, એ સર્વેના નામ અહીં લખતો નથી. આ ત્રણ મહાત્માઓનો મને વિશેષથી ખ્યાલ હોવાથી નામ લખ્યા છે. બાકી તો કોઇ વ્યક્તિગત પૂછાવશે, તો એ વખતે ચોક્કસ અનેક નામો જણાવી શકશું.....

## (૧૮) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:**

લક્ષ્મણાએ એ ભવમાં તો કામવિકારનું પાપ છુપાવવાનું પાપ કર્યું, એનાથી એમનો સંસાર વધ્યો, એની ના નથી. પણ એ પછી તો વચ્ચે વચ્ચે બીજા-ત્રીજા-ચોથા પાપોને કારણે સંસાર વધ્યો છે ને ? વચ્ચે વાછરડાઓને દૂધ પીવામાં અંતરાય કર્યો, તો એના કારણે ઘણા બધા ભવો વધ્યા ને ! એટલે માત્ર એક જ પાપે ૪૦ ચોવીસી વધારી, એમ તો ન જ કહેવાય ને ?

**સમાધાન :**

એમ કહી શકાય, કેમ કે એ એક ભૂલથી સંસાર વધ્યો, પછી એના દ્વારા વળી નવી ભૂલ, પછી પાછો નવો સંસાર..... પણ મૂળ ભૂલ તો એ જ ને, જે ભૂલથી આ સંસારની પરંપરા વધી.

જૂના જમાનામાં ચંબલની ખીણના આસપાસના સ્થાનોમાં એવું બનતું કે કોઇ પુરુષ કોઇપણ અન્યાયનો ભોગ બને, તો બદલો લેવા માટે ડાકુ બની જાય. ડાકુ બનીને બદલો તો લઇ લે, પણ પછી ઘરે પાછો ફરી શકતો નથી. કેમ કે એ બની ગયો ખૂની !

પછી તો એક પાપની પાછળ બીજા પાપો ઘુસતા જાય, ડાકુ વધુ ને વધું ખુંખાર બનતો જાય.

આવું જ બને છે અહીં....

એક પાપ કર્યું, એનાથી સંસાર વધ્યો. એ વધેલા સંસારમાં વળી નવા પ્રકારનું પાપ કર્યું, વળી નવા પ્રકારનો સંસાર વધ્યો... આ રીતે સંસાર વધતા વધતા છેવટે ૪૦ ચોવીશી થાય. પણ મૂળભૂત પાપ તો એ જ ને, **વિકારનું પાપ છુપાવવાનું.....**

## (૧૯) જિજ્ઞાસા અને સમાધાન

**જિજ્ઞાસા:**

સંયમીઓ માટે ભવાલોચના કરવા માટે કયું પુસ્તક ?

**સમાધાન:**

સંયમીઓએ તો દીક્ષા લેતા પહેલા જ ભવાલોચના કરી લેવાની. ગુરુજનોએ કોઇને પણ દીક્ષા આપવી હોય, તો સૌથી પહેલા એના તમામ પાપોની આલોચના લઇ જ લેવી, એ પછી જ દીક્ષા આપવી.

એટલે સંયમીઓને ભવાલોચના કરવાની તો જરૂર નથી પડવાની. પણ દીક્ષા બાદ દીક્ષાજીવનમાં જે દોષો લાગે, એની આલોચના તો ચોક્કસ લેવાની જ. એ માટે પં. **જયભૂષણ** વિ.એ. તૈયાર કરેલ **શલ્યોદ્ધાર** પુસ્તક ઉપયોગી થશે. **આલોચનાસ્થાન સંગ્રહ** પુસ્તક પણ ચાલે.

એ પુસ્તકના આધારે રોજ સાંજે કે સવારે પાંચ-દસ મિનિટ પોતાની ભૂલોની નોંધ કરવા માટે કાઢવી જ. પછી પ્રાયશ્ચિત્ત દાતા ગુરુની અનુકૂળતા પ્રમાણે એમને 15 દિવસે, મહિને ચાર મહિને, ... આલોચના આપવી.

એમની અનુકૂળતા એમણે જોવાની, આપણે તો રોજ લખીને રાખવું જ.

***

**અંતે,**

આપણે સૌ

સંયમીઓ કે ગૃહસ્થો

પાપોની વિશુદ્ધતમ

આલોચના પૂરા પશ્ચાત્તાપપૂર્વક લઇએ,

અને

પછી સુગુરુએ આપેલું

પ્રાયશ્ચિત્ત

બરાબર આચરીએ,

પછી એ પાપ નહિ કરવાનો,

ઘટાડવાનો પ્રયત્ન કરીએ,

છેવટે નિષ્પાપ બનીને

પરમપદને પામીએ....

**।। नमोस्तु तस्मै जिनशासनाय ।।**

**।। अर्हं नमः ।।**

*******



પાપ ભલે નાનામાં નાનું,
પણ એ છુપાવવું સૌથી મોટું પાપ !
પાપ ભલે મોટામાં મોટું,
પણ એનો સાચા મનથી સ્વીકાર કરવો એ
સૌથી મોટું પુણ્ય !

**મોક્ષ માર્ગ**

(1) પશ્ચાત્તાપ (2) આલોચના

(3) પ્રાયશ્ચિત્ત (4) અકરણનિયમ....

